સુવિચાર
કેળવણી એટલે વધારે ને વધારે જાણવું એટલું જ નહીં પણ વધારેને વધારે સારા થવું.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૪/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૦૦

મફત ઓપરેશન
નીચે પ્રમાણેના રોગો માટે મફત ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)


નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## વર્ષ ૨૦૨૨ માં અમરેલીમાં થયેલ ટક્કરનું થશે પરિવર્તન

# રાજકોટમાં રૂપાલા સામે પરેશ ધાનાણીની ટક્કર


જો ભાજપ ક્ષત્રિય સમાજની માંગણી મુજબ રૂપાલાની ટિકિટ ન કાપે તો પરેશ ધાનાણી રાજકોટમાં તેની સામે ટકરાશે

રાજકોટનાં કોંગી આગેવાનોએ પૂર્વ ધારાસભ્યનાં નિવાસ સ્થાને પહોંચીને રાજકોટ લડવા આમંત્રણ પાઠવ્યું

પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ મીડિયા સમક્ષ રાજકોટ લોકસભા ચૂંટણી લડવા તૈયારી દર્શાવી

સૌરાષ્ટ્રનાં પાટનગર રાજકોટમાં અમરેલીનાં રાજકીય અગ્રણીઓ ટકરાશે





અમરેલી, તા. ૯
રાજકોટ લોકસભાની બેઠકમાં ભાજપ દ્વારા અમરેલીના પરશોતમભાઈ રૂપાલાને ઉમેદવાર જાહેર કર્યા છે ત્યારથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણી મેદાનમાં ઉતરશે તેવી ચર્ચાએ જાગી હતી. પરંતુ પરેશ ધાનાણીએ પોતાના અંગત પ્રશ્નને લઈ લોકસભા બેઠક લડવા માટે અગાઉ નનૈયા ભણ્યો હતો. પરંતુ આજે રાજકોટ કોંગ્રેસના આગેવાનોએ અમરેલી ખાતે પરેશ ધાનાણીના નિવાસસ્થાને બેઠક કરી પરેશ ધાનાણીને રાજકોટ બેઠક ઉપરથી ચૂંટણી લડવા માટે સમજાવતા આખરે પરેશ ધાનાણીએ રાજકોટ લોકસભા બેઠક ઉપરથી ચૂંટણી લડવા માટે હવે મન મનાવ્યાનું જાણવા મળેલ છે.
આ અંગે પરેશ ધાનાણીએ પત્રકારોને જણાવ્યું હતું કે, અહંકારી ભાજપના ભીષ્મપિતામહ અને ગુરૂ દ્રોણ હાલ મૌન ધારણ કરીને બેઠાં છે. ત્યારે પરેશ ધાનાણીએ આવા ભાજપના ગુરૂ દ્રોણ અને ભીષ્મપિતામહને ચેતવણી

અનુસંધાન પાના ૬ ઉપર

## કોઈ અગમ્ય કારણોસર ઝેર પીધુ

# લાઠીનાં ચાવંડ ગામે વાડી વિસ્તારમાં પરિણીતાએ ઝેરી દવા પી અંતિમવાટ પકડી

### પરપ્રાંતીય પરિવારમાં કલ્પાંત સર્જાયો

અમરેલી, તા. ૯
મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠીના ચાવંડ ગામે વાડી વિસ્તારમાં રહેતા સેવંતીબેન બિલરસિંગ સોલંકી નામનાં ૨૧ વર્ષિય પરિણીતાએ તા. ૮ ના સાંજે ૫-૫૫ વાગ્યે કોઈપણ સમયે ચાવંડ ગામે લાઠી રોડ ઉપર આવેલ અરવિંદભાઈ સાંબલપરાની વાડીએ પોતાની મેળે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પીજીવીસીએલનાં કર્મચારી લાઈન આપવા આવતા

# બાબરાનાં કરિયાણા ગામે વીજપોલ બાબતે ખેડૂત દંપત્તિ ઉપર હુમલો

### પોલીસે બે આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૯
બાબરા તાલુકાના કરીયાણા ગામે રહેતા કિશોરભાઈ વલ્લભભાઈ મેટાળીયા નામનાં ૩૭ વર્ષિય ખેડૂતે પોતાના ઘરે વીજ કનેકશન લેવા માટે જી.ઈ.બી.માં અરજી કરેલ હોય અને ત્યારે જી.ઈ.બી.ના મજુર કરીયાણા ગામમાં ઈલેકટ્રીક પોલ નાખવા આવેલ હોય. ત્યારે તે જ ગામે રહેતા મહેશભાઈ વિનુભાઈ ગાંભડીયા, ભાવેશભાઈ વિનુભાઈ ગાંભડીયા નામનાં આરોપીઓએ થાંભલો નહિ નાખવા બાબતે ખેડૂત સાથે બોલાચાલી કરી ગાળો આપી છુટ્ટા પથ્થરના ઘા મારી તેમજ છરી લઈને મારવા દોડેલ હોય તેમજ ખેડૂતને મહેશે મારી નાખવાની ધમકી આપી ઈજાઓ કરી તેમના પત્નિ સાહેદને ડાબા હાથે કોણીના ભાગે તથા શરીરે અન્ય ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## જિલ્લા કોંગી પ્રમુખ શાંતિલાલ રાણવા રોષે ભરાયા

# અમરેલીનાં લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરના અપમાનથી રોષનો માહોલ

### જિલ્લાની નારી શકિતને અપમાનનો બદલો લેવા અપીલ

વડિયા, તા. ૯
વડિયામાં લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ ભાજપના જૂથ કાર્યરત છે તેમાંથી બે પૂર્વ સરપંચોના જૂથમાં કોઈ ધાર્મિક બાબત ને લઈને વિવાદ થતા જાહેરમાં બઘડાટી બોલતી જોવા મળી હતી. બંને પૂર્વ સરપંચો એ બસસ્ટેન્ડ સામેના એક વ્યવસાયિક સ્થળની જગ્યામાં


અનુસંધાન પાના ૬ ઉપર

## લોકસભા બેઠકનાં ભાજપી ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં

# અમરેલીમાં આજે ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલનું આગમન : કાર્યકરોમાં ઉત્સાહ

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહેશે







અમરેલી, તા. ૯
લોકસભા ચુંટણીને ૧૪ અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને વિજયી બનાવવા માટે અમરેલી જીલ્લા બુથ પ્રમુખ તથા કાર્યકર્તા સંમેલનમાં માર્ગદર્શન આપવા માટે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ તા. ૧૦/૦૪/૨૦૨૪ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ કલાકે કડવા પટેલ સમાજવાડી, હનુમાનપરા ખાતે પધારી રહ્યા હોઈ આ સંમેલનમાં લોકસભા ક્લસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ બોઘરા, જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ગુજરાત વિધાનસભાના

અનુસંધાન પાના ૬ ઉપર

# લુણસાપુરનાં યુવકનાં બાઈકમાં આગ લાગી



અમરેલી, તા. ૯
જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામના ભાવેશભાઈ વેલાભાઈ જાદવ નામનાં ૨૬ વર્ષિય યુવકની મોટરસાયકલ નં. જી.જે.-૧૪

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
62,590/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી કિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

## 'અબ કી બાર મહેંગાઈ અપાર' નારો ભાજપાની નવી ઓળખ

# ભાજપ સરકાર કુદકે–ભુસકે વધી રહેલી મોંઘવારી, બેરોજગારીને રોકવામાં નિષ્ફળ : કોંગ્રેસ

### આસમાને પહોંચેલ મોંઘવારીથી લાખો પરિવાર મુશ્કેલીમાં મુકાયા

### સંગ્રહખોરો અને કાળાબજારિયાઓ માટે ભાજપ સરકારનો કાર્યકાળ અમૃતકાળ

### 'અચ્છે દિન', અમૃતકાળ જેવા નીતનવા નારાઓથી સામાન્ય–મધ્યમવર્ગનું પેટ ભરાતું નથી

### જનતાને મોંઘવારીથી બહાર લાવવા ભાજપ સરકાર વકતવ્યને બદલે કર્તવ્ય પર ધ્યાન આપે

અમદાવાદ, તા. ૯

ચારેબાજુ મોંઘવારી અને સતત ભાવ વધારાથી ગુજરાત અને દેશની જનતા પીઆઈ રહી છે. ત્યારે ' અચ્છે દિન' અને 'બહુત હુઈ મહેગાઈ કી માર' જેવા જુઠ્ઠા સુત્રો આપતી ભાજપ સરકાર પર આક્રરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવકતા હિરેન બેંકરે જણાવ્યું હતું કે મહિલાઓ–ગૃહિણીઓને મોંઘવારીમાંથી મુકિત માટે કોંગ્રેસ પક્ષએ 'નારીન્યાય'ની પાંચ ગેરંટી આપીછે. જેમાં ગરીબ પરિવારમાંથી એક મહિલાને વર્ષે એક લાખ રૂપિયાની આર્થિક મદદનો સંકલ્પ કર્યો છે. મોંઘવારીના મારથી દેશમાં ગૃહિણીઓ–સામાન્ય–મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ ગયું. સતત વધી રહેલી મોંઘવારીમાં 'અબ કી બાર મહેગાઈ અપાર'નો નારો ભાજપાની નવી ઓળખ બની ગઈ છે. મોંઘવારી હટાવવા માટેનાં 'અચ્છે દિન' અને 'બહુત હુઈ મહેગાઈ કી માર' જેવા ભાજપના સુત્રો ખોખલા સાબિત થાય છે. ઘરેલું ગેસ સીલીન્ડર કોંગ્રેસ શાસનમાં ૪૧૫ રૂપિયા મળતો હતો તે આજે ભાજપ સરકારમાં ૧૧૦૦ રૂપિયા જેટલો અતિ મોંઘો થયો છે. વર્ષ ૨૦૧૪માં સીએનજી ૩૮.૧૫ પ્રતિ કિલો હતું જે વર્ષ ૨૦૨૪માં ૭૭.૬૧ રૂપિયાને પાર, વર્ષ ૨૦૧૪માં પેટ્રોલ ૭૦ પ્રતિ લીટર હતું જે વર્ષ ૨૦૨૪માં ૧૦૦ને પાર, વર્ષ–૨૦૧૪માં ડીઝલ ૫૬ પ્રતિ લીટર હતું જે વર્ષે ૨૦૨૪માં ૯૦ને પાર થયું છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલમાં સતત ઘટાડો હોવા છતાં ભાજપ સરકાર છેલ્લા નવ વર્ષમાં ૧૪૦ કરોડ નાગરિકોના ખિસ્સામાંથી ૩૦ લાખ કરોડ રૂપિયાની લુંટ ચલાવીછે. આજે ભાજપ સરકારની લુટનું મોડેલ ! આર્થિક પારાવાર મુશ્કેલીથી દર મહિને એક પરિવાર સામુહિક આત્મહત્યા કરી રહયો છે.

મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ વકતવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે, અચ્છે દિન, અમૃતકાળ જેવા નીતનવા માર્કેટિંગ નારાઓથી સામાન્ય – મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી. રૂપાળા સુત્રો દ્વારા દ્વારા ભ્રામકતા ઉભી કરી સત્તા મેળવનાર ભાજપ સરકારે દેશની જનતા સાથે છેતરપીંડી કરી છે. ભાજપ સરકારના લુંટકાળમાં જાન લેવા મોંઘવારીમાં જનતાની બચત પર રોજ લુટ ચાલી રહી છે. દુધ, દહીં, ઘી, ચા, ખાંડ સહિતની રોજીંદા જીવનની ખાવાપીવાની ચીજવસ્તુઓ તો અસહ્ય મોંઘી થઈ જ છે. ખેડૂતોને પુરતા ભાવ મળતા નથી. વચેટીયાઓ બેફામ લુંટ ચલાવે છે. તેલિયા રાજાઓની બેફામ સંગ્રહખોરી, કાળાબજારી થઈ રહી છે. કાળા બજારીયા, –સંગ્રહખોરો માલામાલ થઈ રહયા છે. આસમાને મોંઘવારીથી લાખો પરિવાર મુશ્કેલીમાં મુકાયા છે. સંગ્રહખોર– કાળા બજારિયાઓ માટે 'અમૃતકાળ' છે. ભાજપ સરકાર કેમ આવા સંગ્રહખોરો – કાળા બજારીયાઓને રક્ષણ આપી રહી છે?

| ક્રમ | જીવનજરૂરીની વસ્તુ | વર્ષ ૨૦૧૩માં ભાવ | ૨૦૨૪માં ભાવ |
|---|---|---|---|
| ૧ | ગેસ સીલીન્ડર | ૪૧૫ પ્રતિ સીલીન્ડર | ૧૧૦૦ પાર |
| ૨ | સીએનજી | ૩૮.૧૫ પ્રતિ કિલો | ૭૫.૬૧ પાર |
| ૩ | પેટ્રોલ | ૭૧.૦૦ પ્રતિ લીટર | ૧૦૦ પાર |
| ૪ | ડીઝલ | ૫૬.૭૧ પ્રતિ લીટર | ૯૦ પાર |
| ૫ | દૂધ | ૪૮ પ્રતિ લીટર | ૬૪ પાર |
| ૬ | લોટ | ૨૧૦ રૂપિયા/૧૦ કિગ્રા | ૪૧૦ પાર |
| ૭ | દેશી ઘી | ૩૦૦ રૂપિયા/લીટર | ૬૭૫ પાર |
| ૮ | સૂંઠ | ૨૦૦ રૂપિયા કિલો | ૪૦૦ પાર |
| ૯ | જીરૂ | ૨૮૦ રૂપિયા કિલો | ૪૧૦ પાર |
| ૧૦ | લાલ મરચા | ૩૧૦ પ્રતિ/કિલો | ૫૦૦ પાર |
| ૧૧ | તુવેર દાળ | ૭૫ રૂપિયા/કિલો | ૧૭૦ પાર |
| ૧૨ | સિંગતેલ | ૧૪૦૦ ડબ્બો | ૨૮૦૦ પાર |

## બગસરામાં ભાજપ દ્વારા ૭ માં વોર્ડમાં મોદી પરિવાર સભાનું આયોજન કરાયું




બગસરા, તા. ૯

બગસરામાં ભાજપ દ્વારા સાત વોર્ડમાં મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અમરેલીથી વક્તા પ્રદેશ ભાજપ મહિલા મોરચાના મહામંત્રી યુવા ભાવનાબેન ગોડલીયા તથા ભાજપના યુવા વક્તા દીપકભાઈ વઘાસિયાના અધ્યક્ષ સ્થાને મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા આ મીટીંગ શહેર ભાજપ પ્રમુખ ધીઢભાઈ કોટડીયા, રાજુભાઈ ગીડા, અશોકભાઈ પંડ્યા, ભાવેશભાઈ જયંતીભાઈ વેકરીયા એ.વી. રીબડીયા જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ રંજનબેન ગોહિલ વિગેરે આગેવાનો કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ મીટીંગ નુંઆયોજન કરવામાં આવ્યું હતું.

## લીલીયા પોલીસ દ્વારા આરપીએસએફ કંપની સાથે સંવેદનશીલ વિસ્તારમાં ફલેગ માર્ચ



લીલીયા, તા. ૯

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી સબબ લીલીયાના સલડી ગામ આંબા ગામ તથા લીલીયા મોટા ટાઉનમાં સંવેદનશીલ વિસ્તારમાં એસપી હિમકરસિંહ, ડીવાયએસપી ચિરાગ દેસાઈ તેમજ લીલીયા પીએસઆઈ એસ. આર. ગોહિલની સૂચના અને માર્ગદર્શન મુજબ લીલીયાના સંવેદનશીલ વિસ્તારમાં આર પીએસએફ દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવેલ આવનાર ચૂંટણી શાંતિમય વાતાવરણમાં યોજાય તેવા શુભ હેતુથી લીલીયા પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી.

## રાજુલા દાઉદી વોરા સમાજ દ્વારા કબ્રસ્તાનમાં ઈદના તહેવાર પ્રસંગે વૃક્ષારોપણ કરાયું



રાજુલા, તા. ૯

ઈદ પવિત્ર તહેવાર હોય ત્યારે રાજુલા દાઉદ વોરા સમાજ દ્વારા એક સરાહનીય કામગીરી કરવામાં આવી રાજુલા વોરા સમાજ દ્વારા રાજુલા કબ્રસ્તાન ખાતે આજરોજ ૫૩ વૃક્ષારોપણ કરવામાં આવ્યું આ વૃક્ષારોપણ પ્રસંગે દાઉદી વોરા સમાજના મોલાના તેમજ સમાજના તમામ આગેવાનો યુવાનો, માતાઓ બહેનો સહિત લોકો હાજર રહેલા ત્યારે રાજુલા શહેરના ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો બકુલભાઈ વોરા ગૌરાંગભાઈ મહેતા જીગ્નેશભાઈ ત્રિવેદી સહિતના લોકો હાજરી આપી અને વૃક્ષારોપણ કરેલું ત્યારે રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો એ જણાવ્યું કે આ ઈદ પ્રસંગે આવી સારી કામગીરીને અમે બિરદાવી એ છીએ અને આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે તેને સારી રીતે જતન કરી અને વૃક્ષો ઉગાડવામાં આવે તેવી આશા વ્યક્ત કરીએ છીએ.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાવરકુંડલા : નેશનલ ડિફેન્સ એકેડેમીમાં ગુજરાતનો ડંકો



અમરેલી, તા. ૯

રાજકોટ જિલ્લાના રહેવાસી માધવેન્દ્રસિંહ કવિન્દ્રસિંહ જાડેજાએ એન.ડી.એ.(નેશનલ ડિફેન્સ એકેડમી)ની યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુ.પી.એસ.સી.) દ્વારા ધોરણ ૧૨ પછી લેવાતી પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક ૮ થી ઉતીર્ણ કરેલ છે અને એન.ડી.એ.નો અભ્યાસ પૂર્ણ કરી લેફટનન્ટ તરીકે દેશ સેવામાં જોડાશે. જેઓના પિતા કે.જે.જાડેજા અમરેલી ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં ' નિયામક અને અધિક કલેક્ટર તરીકે ફરજ બજાવે છે અને તેઓના દાદા અને નાના પણ ગુજરાત સરકારની સેવામાંથી વયનિવૃત થયા છે. જે ગુજરાત રાજય માટે ગૌરવસભર વાત છે.

### અમરેલીનાં પીપળલગ ગામે

## વાડી વિસ્તારમાં મજૂરી કરતા સગર્ભા માતા માટે ૧૦૮ આશીર્વાદરૂપ બની

### એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવામાં આવી



અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના પીપળલગ ગામના વાડી વિસ્તારમાં રહી મજૂરી કરતાં લક્ષ્મીબેન ઠાકુરભાઈ દેસાઈને પ્રસુતિની પીડા ઉપડતાં તેમના પતિએ ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કોલ કરેલ. અમરેલી પંચાયત ઓફિસ ૧૦૮ એમ્બ્યુલન્સ પીપળલગ ગામ જવા રવાના થઈ હતી. ઈએમટી સાગર મકવાણા તથા પાઈલોટ યોગેશભાઈ વૈદ્ય જરૂરી મેડિકલ સાધનો લઈ પીપળલગ ગામ વાડી વિસ્તારમાં પહોંચી દર્દીની તપાસ કરતા દર્દીને અસહ્ય પ્રસુતિનો દુઃખાવો હતો. દર્દીને સ્ટ્રેચરમાં લઈ એમ્બ્યુલન્સમાં લઈ અમરેલી સિવિલ હોસ્પિટલ તરફ રવાના થયેલ. દર્દી ને પ્રસુતિની અસહ્ય પીડા થતાં, દર્દી ની તપાસકર્તા એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરાવવાની જરૂર જણાતા એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસુતિ કરાવી હતી. ડિલિવરી થતાં તપાસતા બાળકના ગળામાં ગર્ભ નાળ વીંટળાયેલા હતી જે ઈએમટી સાગર મકવાણાએ સમય સૂચકતા વાપરી ગળામાંથી નાળ કાઢી હતી તથા બાળકના ધબકારા ઓછા હતા અને ાસોશ્વાસની પ્રકિયા પણ ધીમી જણાતા તરત જ કૃત્રિમ રીતે ાસ આપી અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટરની સલાહ પ્રમાણે બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા–બાળકને સારવાર સાથે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં અને માતા–બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ. દર્દીના સગા સંબંધીઓએ ૧૦૮ના કર્મચારીનો આભાર માન્યો હતો તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ અમરેલી પંચાયત ઓફિસ ૧૦૮ના સ્ટાફ ને અભિનંદન પાઠવ્યા હતા. આમ ફરી એક વખત ૧૦૮ ઈમરજન્સી સેવા આશીર્વાદરૂપ બની હતી.

# અમરેલીમાં રાધિકા મહિલા સત્સંગ અને ઓમકારેશ્વર યુવક મંડળ દ્વારા શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



અમરેલી ખાતે રાધિકા મહિલા સત્સંગ મંડળ, ઓમકારેશ્વર યુવક મંડળ દ્વારા શ્યામનગર, રઘુનાથ ,હરિવિહાર સોસાયટી તેમજ સર્વે ભકતજનોનાં કલ્યાણ તેમજ રાષ્ટ્રપ્રેમ વૃધ્ધિ અર્થે શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ નો આસ્થા અને ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો. વ્યાસાસનેથી મહંત માધવાનંદ ભારતીબાપુ કથાનું રસપાન કરાવશે આજે શિવભકતોની ઉપસ્થિતીમાં વિશાળ પોથીયાત્રા યોજાશે.

# સાવરકુંડલા ખાતે ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં શકિત કેન્દ્ર વાઈઝ ''મોદી પરિવાર સભા'' નું આયોજન થયું



અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવારની પ્રચંડ જીત માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક નાના મોટા કાર્યક્રમો થઈ રહ્યા છે. ત્યારે સાવરકુંડલા તાલુકાના જુદા જુદા બુથો (શકિત કેન્દ્રો) ઉપર ખુબ જ જોર શોરથી મીટીંગો અને જાહેર સભાઓ થઈ રહયા છે. જેમા મુખ્ય વકતા અને જીલ્લાના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા દ્વારા કેન્દ્રની મોદી સરકાર અને રાજયની ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાની જાણકારી આપી તેમજ આગામી ૨૦૪૭માં ભારત દેશ વિકસીત બને તેના મુદાઓ વિશે સમજણ આપી. આ સાથે સાવરકુંડલા તાલુકાના પીયાવા, મોટા ઝીંઝુડા, નેસડીના શકિત કેન્દ્રો ઉપર ખુબ જ મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતી જોવા મળી હતી. આ "મોદી પરિવાર સભા"માં સાવરકુંડલા મંડલના વિસ્તાર શૈલેન્દ્રસિંહ જાડેજા, માર્કેટ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, અમરેલી જિલ્લાના સંયોજક પુનાભાઈ ગજેરા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, લલીતભાઈ બાળભા, તાલુકા યુવા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી સહિતના કાર્યકર્તાઓ, સરપંચઓ, ગ્રામ પંચાયતના સભ્યો તથા બહેનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોવા મળી હતી. તેમ તાલુકા ભાજપ જીવનભાઈ વેકરીયાની યાદીમાં જણાવાયું હતુ.

### પાપ છુપાવવા કે પુત્ર પ્રાપ્તિની ઘેલછા ?

## સાવરકુંડલાનાં સેંજળ ગામનાં પાટિયા નજીકથી ''ધૂલ કા ફૂલ'' મળી આવ્યું

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, ૯

સાવરકુંડલાના સેંજળ ગામના પાટિયા નજીકથી તરછોડાયેલ નવજાત બાળકી ઝાડીમાંથી મળી આવેલ છે. કોઈ વટેમાર્ગુ દ્વારા વંડા પોલીસને જાણ કરતા પોલીસે બાળકીને સાવરકુંડલા હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા હતા બાળકી હાલ જીવિત છે. કોણ હશે આ અભાગણી દીકરીના અતિ ક્રૂર મા–બાપ કે હજી તો પોતાની આંખ આ દુનિયાને જોવા ખોલી નથી ત્યાં જ સ્વાર્થી, કઠોર દુનિયાનો અનુભવ થવા



પામ્યો. બાળકીની વિગત આપનારને વંડા પોલીસે યોગ્ય ઈનામની કરી જાહેરાત.

## સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરીમાં ટીડીઓથી ઉપર પણ એક અધિકારી

સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરી હસ્તકના તાલુકાના વિવિધ ગામોમાં નોકરી કરનાર તલાટી કમ મંત્રી પોતાની નોકરી કરનાર ગામ ખાતે માર્ચ ૨૦૨૪માં ગેરહાજર રહેનાર ૭ જેટલા તલાટી કમ મંત્રીઓની તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયત કચેરી ખાતે હાજર ન મળનાર તલાટી મંત્રીઓના પગાર કાપવામાં આવેલ જેની વિગત વર્ષોથી માત્ર ને માત્ર એકજ તાલુકા પંચાયતમાં સ્થાયી કર્મચારી દ્વારા સાવરકુંડલા તાલુકાના પત્રકારોને વિગત આપવામાં આવતી નથી અને પત્રકારો સાથે પણ ગેરવર્તણૂક કરી રહ્યા છે.

આ અંગે વિજપડી ગામના પૂર્વ સરપંચ અને એડવોકેટ યાકુબભાઈ રસભર્યા દ્વારા અમરેલી જીલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી જાણ કરેલ છે. સાવરકુંડલા પ્રેસ કલબના પ્રમુખ અને સીનીયર પત્રકાર ઈકબાલભાઈ ગોરી દ્વારા તાલુકા પંચાયત કચેરીના ક્લાર્ક અને વહીવટદાર ને ફોન કરી માર્ચ ૨૦૨૪ મહિનામાં તલાટી મંત્રીઓને ગેરહાજરી મૂકી કપાત પગારી પામનાર તલાટી મંત્રી ઓના નામ પણ આપવામાં આવ્યા ન હતા અને ઉડાવ જવાબો આપી રહ્યા છે.

### ડો. ભાવિન કદાવાલાની પ્રશંસનીય કામગીરી

## અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલમાં બાય પોલર નામની બીમારીની સફળ સારવાર

### દર્દીનાં પરિવારે તબીબ ટીમનો આભાર માન્યો

અમરેલી, તા. ૯

અમરેલીનું ૨૩ વર્ષીય દર્દી યશભાઈ જયસુખભાઈ કારેલીયા માનસીક રોગ બાય પોલર થી અસરગ્રસ્ત હતું ડો. ભાવિન કદાવાલાના જણાવ્યા મુજબ આ રોગ એક જટિલ પ્રકારનો રોગ છે જેમાં વધુ પડતાં બોલ બોલ કરવું, ઉંઘના કરવી, ભાગ–ભાગ કરવું, મોટી મોટી વાતો કરવી, પૈસા વધુ પ્રમાણમાં ખર્ચ કરવા વગેરે પ્રકારની માનસીક અસર થતી હોય જેના કારણે દર્દી માટે સામાન્ય જીવનમાં ઘણી તકલીફો ઊભી થાય છે. પરંતુ ડો. ભાવિન અને તેમની ટીમ દ્વારા દર્દીને માનસીક વિભાગમાં દાખલ કરવામાં આવેલ હતું અને ત્રણ જેટલી વાર તેમને ઈ.ટી.સી. સારવાર એટલે કે શોક સારવાર આપી હતી. દર્દી પહેલાની જેમ સંપૂર્ણ સ્વાસ્થ થાતા દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલી હતી.



ડો. ભાવિન ના જણાવ્યા મુજબ લોકોએ માનસીક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે પુરતી ઉંઘ કરવી, લીલા શાકભાજી, ફળો, કઠોળ પૂરતા પ્રમાણમાં લેવા, યોગ, ધ્યાન અને પ્રાર્થના માટે સમય ફાળવવો, સારા પુસ્તકો વાંચવા અને મધુર સંગીત સાંભળવું હિતાવહ છે આ ઉપરાંત લોકોએ રોજ બરોજની નેગેટીવ અને નિરાશાજનક ચર્ચાઓ તથા સોશીયલ મીડીયાથી દુર રહેવાની પણ તેમણે સલાહ આપી હતી.

દર્દી યશભાઈ કારેલીયાની સફળતા પૂર્વક સારવાર બદલ તેમના દર્દી તથા તેમના પિતાએ ડો. ભાવિન કદાવાલા, ડો. શાર્દુલ સોલંકી, તથા ડો. ગૌરવ ફીણવીયા તથા શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે વિનામૂલ્યે મળેલી ઉતમ સારવાર બદલ ગજેરા ટ્રસ્ટ નો આભાર વ્યકત કર્યો હતો...

### જિલ્લા તિજોરી કચેરીનાં કર્મચારીઓ દ્વારા અન્યાય

## અમરેલીની પાણી–પુરવઠા વિભાગનાં નિવૃત્ત કર્મચારીને પેન્શન આપવામાં અન્યાય

### વયોવૃધ્ધ કર્મચારી ન્યાય માટે આમથી તેમ ભટકે છે

અમરેલી, તા. ૯

અમરેલીની પાણી–પુરવઠા કચેરીનાં નિવૃત કર્મચારી આર.સી. મજીઠીયા તેમના પેન્શનની રકમ માટે છેલ્લા ૨૦ વર્ષથી જિલ્લા તિજોરી કચેરીનાં કર્મચારીઓ દ્વારા અન્યાય કરવામાં આવી રહયાનો તેઓએ આક્ષેપ કરેલ છે. તેઓએ ''અમરેલી એકસપ્રેસ કાર્યાલય''માં આવીને તેમને જિલ્લા તિજોરી કચેરીનાં અમુક કર્મચારીઓ દ્વારા અન્યાય કરવામાં આવી



રહયો છે તેમ જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું કે તેઓએ કલેકટરથી લઈને મુખ્યમંત્રી સુધી લેખિત અનેક વખત રજુઆત કરી છતાં પણ ન્યાય મળતો નથી અને તેઓ માનસિક યાતનાં ભોગવતા હોય ન્યાય મળે તેવી અપેક્ષા રાખી રહયા છે.

## બગસરામાં શુક્રવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૯

જેસિઝ ગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૨/૪/૨૦૨૪ ને શુક્રવારના રોજ સ્વ. યોગેશભાઈ એમ. વૈષ્ણવના સ્મરણાર્થે નિરૂપમાબેન વૈષ્ણવ પરિવારના સૌજન્યથી ૫૯૩ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૧૨/૪/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને મોટો ઝટકો

# કેજરીવાલને ન મળી રાહત, હાઈકોર્ટે ફગાવી ધરપકડ સામેની અરજી

**દિલ્હીની લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો**

નવી દિલ્હી, તા.૯

દિલ્હીની લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર આજે (મંગળવાર, ૯ એપ્રિલ, ૨૦૨૪) હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે. સીએમ કેજરીવાલે ધરપકડને પડકારતી અરજી કોર્ટમાં કરી હતી.દિલ્હી હાઈકોર્ટે એક્સાઈઝ પોલિસી મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારતી સીએમ અરવિંદ કેજરીવાલની અરજીને ફગાવી દીધી છે.ED પાસે પૂરતી સામગ્રી હતી જેના કારણે તેમને કેજરીવાલની ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલ દ્વારા તપાસમાં ન જોડાવું, તેના કારણે વિલંબથી ન્યાયિક કસ્ટડીમાં રહેલા લોકો પર પણ અસર પડી રહી છે, એમ દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું.

દિલ્હી હાઈકોર્ટે ધરપકડને પડકારતી અરવિંદ કેજરીવાલની અરજી ફગાવી દીધી હતી. દિલ્હી હાઈકોર્ટે સ્વીકાર્યું કે ED દ્વારા કરાયેલી ધરપકડ કાયદેસર છે. કોર્ટે કહ્યું કે જો જરૂર પડશે તો ED ધરપકડ કરી શકે છે. દિલ્હી હાઈકોર્ટે પણ ટ્રાયલ કોર્ટ દ્વારા ઈડીને આપેલા રિમાન્ડના આદેશને યથાવત રાખ્યો છે. આ સાથે અરવિંદ કેજરીવાલને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાના નિર્ણયને પણ યથાવત રાખવામાં આવ્યો છે.આદેશ આપતાં દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે આ જામીનનો મામલો નથી. અરજીમાં ED દ્વારા ધરપકડને પડકારવામાં આવી છે. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તપાસ જલ્દી પૂરી કરવામાં આવે અને અરવિંદ કેજરીવાલ સમન્સ પર હાજર થયા ન હતા. કોર્ટને રાજકારણ સાથે કોઈ સંબંધ નથી. કોર્ટ કાયદા પ્રમાણે કામ કરે છે. આ પહેલા પણ રાજકારણીઓ સાથે જોડાયેલા મામલા સામે આવ્યા છે અને કોર્ટે કાયદા અને બંધારણ મુજબ કામ કર્યું છે.EDની દલીલ છે કે અત્યાર સુધીના પુરાવા દર્શાવે છે કે કેજરીવાલ AAPના કન્વીનર છે. ગોવાની ચૂંટણીમાં ૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. કેજરીવાલના વકીલે આનો વિરોધ કર્યો હતો. સરકારી સાક્ષી બનવાનો નિર્ણય કોર્ટ દ્વારા લેવામાં આવે છે તપાસ એજન્સી દ્વારા નહીં. જો પ્રશ્ન ઊભો થાય તો સવાલ કોર્ટ સામે જ ઉભો થાય છે. શરથ રેડ્ડીએ ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા બીજેપીને પૈસા આપ્યા, તેનાથી આ કોર્ટને કોઈ લેવાદેવા નથી. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે આરોપી મુજબ તપાસ થઈ શકે નહીં. સરકારી વ્યક્તિ હોવાને કારણે કોઈને રાહત મળી શકે તેમ નથી. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે જો તપાસ એજન્સીને લાગે છે કે તપાસ માટે ધરપકડ જરૂરી છે તો તે ધરપકડ કરી શકે છે.તેમની ધરપકડ ઉપરાંત, આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તેમને ED કસ્ટડીમાં મોકલવા સામે પણ પડકાર ફેંક્યો છે. EDની કસ્ટડી બાદ કોર્ટે કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા . હાલ તે તિહાર જેલમાં બંધ છે.કેજરીવાલે કહ્યું કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમની ધરપકડ કરવામાં આવી છે. આ લોકશાહી, નિષ્પક્ષ ચૂંટણી અને સમાન તક સહિત બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન છે. જ્યારે EDએ કહ્યું છે કે કાયદો દરેકને સમાન રીતે લાગુ પડે છે. EDએ દાવો કર્યો છે કે દિલ્હી એક્સાઈઝ પોલિસી બનાવવામાં અને તૈયાર કરવામાં અનિયમિતતાઓ હતી. તેના મુખ્ય કાવતરાખોર અરવિંદ કેજરીવાલ છે.

આ સિવાય AAPના ઘણા મોટા નેતાઓ અને મંત્રીઓ આમાં સામેલ થયા છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ કેજરીવાલની અરજીનો વિરોધ કરતા કહ્યું છે કે ચૂંટણીના આધારે ધરપકડમાંથી મુક્તિ આપી શકાય નહીં, કારણ કે કાયદાની સામે દરેક સમાન છે.

### દક્ષિણના દ્વાર કર્ણાટકમાં વધી ભાજપની ચિંતા

# કેન્દ્રીય મંત્રી વિરુદ્ધ ચૂંટણી લડશે લિંગાયત સંત, અનેક બેઠકો પર અસર

**ભાજપ માટે એક પડકાર તરીકે જોવામાં આવી રહ્યું છે અને તેની અસર કેટલીક લિંગાયત પ્રભુત્વ ધરાવતી બેઠકો પર પડી શકે છે**

કર્ણાટક,તા.૯

કર્ણાટકના રાજકારણમાં લિંગાયત સમુદાયનો મત ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યો છે. કોઈ પણ ચૂંટણીમાં આ સમુદાયની ભૂમિકા નિર્ણાયક રહી છે અને માનવામાં આવે છે કે, તેમનું સમર્થન ભાજપને જ મળતું રહ્યું છે. પરંતુ આ વખતે લોકસભા ચૂંટણીમાં તસવીર બદલાતી નજર આવી રહી છે. મોદી સરકારના મંત્રી પ્રહલાદ જોશીની સામે લિંગાયત સમુદાયના મોટા સંત જગદગુરુ ફકીરા ડીંગલેશ્વર મહાસ્વામીએ ચૂંટણી લડવાનું એલાન કર્યું છે. તેને ભાજપ માટે એક પડકાર તરીકે જોવામાં આવી રહ્યું છે અને તેની અસર કેટલીક લિંગાયત પ્રભુત્વ ધરાવતી બેઠકો પર પડી શકે છે. જગદગુરુ ફકીરા ડીંગલેશ્વર મહાસ્વામીએ ધારવાડ લોકસભા ક્ષેત્રથી એક અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાનો વિકલ્પ પસંદ કરનારા મહાસ્વામીએ કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય આ પ્રદેશમાં પરંપરાગત રાજકીય પક્ષોના વર્ચસ્વને પડકારીને મતદારોને એક વિકલ્પ આપવાનો છે. મહાસ્વામીનો આ નિર્ણય રાજ્યના રાજકારણમાં મહત્વપૂર્ણ છે. તેને કોંગ્રેસ અને ભાજપની રાજનીતિથી આગળ એક વૈકલ્પિક મંચ તૈયાર કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.

તેમણે ચૂંટણી લડવાનું એલાન કરતા કહ્યું કે, 'મેં ધારવાડ લોકસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. બંને રાષ્ટ્રીય પક્ષોએ આ વિસ્તારમાંથી ચૂંટણી માટે પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. તેમણે પક્ષની ટિકિટ વિતરણ નીતિઓ પર અસંતોષ વ્યક્ત કરતા કર્ણાટકમાં ભાજપની હાજરીને આકાર આપવામાં લિંગાયત સમુદાયની મહત્વપૂર્ણ ભૂમિકા તરફ પણ ધ્યાન દોર્યું હતું. તેમણે કહ્યું કે, લિંગાયત સમુદાયે કર્ણાટકમાં બીજેપીનું નિર્માણ અને વિકાસ કર્યો છે. ટીકીટ વિતરણમાં ભાજપમાં કોઈ સામાજિક ન્યાય નથી. તેમણે કહ્યું કે છેલ્લી લોકસભા ચૂંટણીમાં અમારા રાજ્યમાંથી નવ વીરશૈવ લિંગાયત સમુદાયના નેતાઓ સંસદમાં પહોંચ્યા પરંતુ તેમાંથી એકને પણ મંત્રી પદ આપવામાં ન આવ્યું. કોંગ્રેસ પક્ષમાં પણ લિંગાયત સમુદાયની કોઈ માન્યતા નથી. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીની ટીકા કરતા મહાસ્વામીએ અગ્રણી રાજકીય હસ્તીઓ દ્વારા લિંગાયત સમુદાયની જરૂરિયાતો પ્રત્યે ઉપેક્ષા અથવા અપૂરતું ધ્યાન આપવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી અમારા સમુદાયને કચડી રહ્યા છે. ધારવાડ લોકસભા ક્ષેત્રમાં તેમનું યોગદાન હજુ પણ શંકાસ્પદ છે.

### પરષોત્તમ રુપાલા મામલો

# રાજકોટના રાજવી માંધાતાસિંહે પણ ક્ષત્રિયોને કરી સમાધાનની અપીલ

**પૂર્વ વિસ્તારમાં ક્ષત્રિયોએ એક મોટી રેલી કાઢીને રુપાલા સામે રોષ વ્યક્ત કરતા તેમની ટિકિટ પાછી ખેંચી લેવાની માગ કરી હતી**

અમદાવાદ,તા.૯

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રુપાલા સામે ક્ષત્રિય સમાજમા પ્રવર્તી રહેલો રોષ હજુય શાંત નથી થઈ શક્યો. રુપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી એક ટિપ્પણી બાદ શરૂ થયેલા આ વિવાદ બાદ તેમની ટિકિટ પાછી ખેંચી લેવાની માગ સાથે દેખાવો કરવામાં આવી રહ્યા છે. સોમવારે પણ રાજકોટના પૂર્વ વિસ્તારમાં ક્ષત્રિયોએ એક મોટી રેલી કાઢીને રુપાલા સામે રોષ વ્યક્ત કરતા તેમની ટિકિટ પાછી ખેંચી લેવાની માગ કરી હતી.

આ મામલે સમાધાન કરવાના ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા ઉપરાંત ભાજપના અન્ય સિનિયર નેતાઓના પ્રયાસો નિષ્ફળ રહ્યા બાદ રાજકોટના રાજવી પરિવારના માંધાતાસિંહ જાડેજાએ રુપાલાના નિવેદન અંગે આઘાત વ્યક્ત કરવાની સાથે રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખીને વાતચીતથી આ મુદ્દાનું સમાધાન લાવવા માટે અપીલ કરી હતી. તો બીજી તરફ પોતાની સામે થઈ રહેલા વિરોધ વચ્ચે પરષોત્તમ રુપાલા ૧૬ એપ્રિલે ઉમેદવારી પત્રક ભરશે તેવું પણ જાણવા મળી રહ્યું છે, તેવામાં હવે સવાલ એ છે કે રુપાલા મુદ્દે ક્ષત્રિયો ચૂંટણીનો બહિષ્કાર કરશે કે પછી સમાધાન? ક્ષત્રિયોના અન્ય એક જૂથ દ્વારા સોમવારે રાજકોટમાં કલેક્ટર ઓફિસ સામે પણ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પરષોત્તમ રુપાલા પોતે કરેલા નિવેદન અંગે માફી માગી ચૂક્યા છે તેમજ તેમના વતી ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ ક્ષત્રિયોની માફી માગી હતી, પરંતુ ક્ષત્રિયો રાજકોટ લોકસભા બેઠક પર ઉમેદવાર બદલવાની પોતાની માગ પર અડગ છે. આ મામલે પૂર્વ સીએમ વિજય રુપાણીએ પણ એવું નિવેદન આપ્યું હતું કે ક્ષત્રિયો રુપાલાને માફ કરી દેશે, પરંતુ તેમ છતાંય રુપાલા સામે ભડકેલી વિરોધની આગ હજુય ઠરવાનું નામ નથી લઈ રહી.રાજકોટ સિવાય સોમવારે અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં પણ દસક્રોઈ તાલુકાના ક્ષત્રિય સમાજના લોકોએ સુખરાય મહાદેવ મંદિરમાં એકઠા થઈને રુપાલા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું તેમજ દસક્રોઈ મામલતદાર ઓફિસ સુધી રેલી કાઢીને રુપાલાની ઉમેદવારી પાછી ખેંચવાની માગ સાથે આવેદન પત્ર પણ આપ્યું હતું અને સાથે જ એવી ચિમકી પણ ઉચ્ચારી હતી કે જો રુપાલાની ટિકિટ રદ્દ ના થઈ તો ક્ષત્રિયો લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરશે તેમજ ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓને ચૂંટણી પ્રચાર માટે ગામમાં નહીં પ્રવેશવા દેવાય. પરષોત્તમ રુપાલા ભલે ૧૬ એપ્રિલે ઉમેદવારી પત્રક ભરવાની તૈયારી કરી રહ્યા હોય, પરંતુ તેમની સામે શરૂ થયેલો વિરોધ ગુજરાતભરમાં પ્રસરી રહ્યો છે. રુપાલા તાજેતરમાં જ સુરતમાં પણ પ્રચાર કરવા માટે ગયા હતા, પરંતુ સુરતમાં ક્ષત્રિયોની બહુમતી ધરાવતી સોસાયટીઓમાં ભાજપના કાર્યકર્તાઓએ પ્રવેશવું નહીં તેવા લખાણ સાથેના બેનરો લગાવાયેલા જોવા મળ્યા હતા. આ ઉપરાંત પંચમહાલમાં પણ ક્ષત્રિયએ રેલી કાઢીને જો રુપાલાની ટિકિટ રદ્દ ના થાય તો ભાજપને મત ના આપવાના શપથ લીધા હતા. રવિવારે ક્ષત્રિયોના અલગ-અલગ ૯૧ જૂથ વિરોધ પ્રદર્શનની આગળની રણનીતિ નક્કી કરવા માટે ધંધૂકામાં એકઠા થયા હતા, આ બેઠકમાં અન્ય રાજ્યોના ક્ષત્રિયોએ પણ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે પરશોત્તમ રુપાલાએ દલિત સમાજના એક કાર્યક્રમમાં એવું નિવેદન આપ્યું હતું કે વિદેશી આક્રાંતાઓ તેમજ અંગ્રેજો સાથે રાજા-મહારાજાઓએ રોટી-બેટીના વ્યવહાર કર્યા હતા. રુપાલાના આ નિવેદન પર ક્ષત્રિય સમાજે સખ્ત વાંધો ઉઠાવીને તેમની ઉમેદવારી રદ્દ કરવાની માગ સાથે વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા. તાજેતરમાં જ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના એક કાર્યક્રમમાં પણ ખુરશીઓ ઉછાળીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેમજ ક્ષત્રિય મહિલાઓએ કમલમમાં જોહર કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી. ગુજરાતમાં ૦૭ મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે અને ભાજપ તમામ ૨૬ બેઠકો પર પોતાના ઉમેદવાર જાહેર કરી ચૂક્યો છે. જોકે, તાજેતરમાં જ પક્ષે વડોદરા અને સાબરકાંઠા બેઠક પર આંતરિક અસંતોષને ખાળવા માટે પોતાના ઉમેદવારો બદલ્યા હતા, પરંતુ રાજકોટમાં રુપાલા સામે દિવસોથી ચાલી રહેલા વિરોધ બાદ પણ ભાજપે રુપાલાની ટિકિટ પાછી ખેંચવાને બદલે ક્ષત્રિયોને મનાવવાના પ્રયાસ કર્યા છે. ભાવનગરના રાજવી પરિવારે રુપાલાના સામે વિરોધ કરી રહેલા ક્ષત્રિયોને ટેકો આપ્યો હતો, પરંતુ રાજકોટના રાજવીએ આ મામલે હવે રુપાલાને માફી આપી દેવા માટે અપીલ કરી છે, ત્યારે જોવાનું એ રહે છે કે હવે રુપાલા સામેનો વિરોધ શાંત પડે છે કે નહીં.

### રમઝાન મહિનામાં નૈતિક પોલીસિંગ વધુ કડક બને છે

# મલેશિયામાં રમઝાન દરમિયાન લોકડાઉન જેવી સ્થિતિ સર્જાય છે

**રમઝાન મહિનામાં કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરતું પકડાય છે, તો તેને સજા કરવામાં આવે છે**

મલેશિયા,તા.૯

મુસ્લિમ દેશ મલેશિયામાં રમઝાન દરમિયાન લોકડાઉન જેવી સ્થિતિ સર્જાય છે. મલેશિયામાં, રમઝાન મહિનામાં નૈતિક પોલીસિંગ વધુ કડક બને છે, જેના કારણે જો કોઈ ખાતું-પીતું કે રમઝાનના કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરતું પકડાય છે, તો તેને સજા કરવામાં આવે છે. દિવસ દરમિયાન ખાવા-પીતા પકડાયેલા કોઈપણ વ્યક્તિને ૧,૦૦૦ મલેશિયન રિંગિટ (આશરે ૧૬ લાખ રૂપિયા) સુધીનો દંડ અને એક વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ ઉપરાંત, રમઝાન દરમિયાન મુસ્લિમોને ખાદ્યપદાર્થો અથવા પીણાં અથવા તમાકુ વેચતા પકડાયેલા બિન-મુસ્લિમોને પણ દંડ થઈ શકે છે.

ઈસ્લામિક કેલેન્ડરમાં રમઝાનને સૌથી પવિત્ર મહિનો ગણવામાં આવે છે. આ સમય દરમિયાન બધા મુસ્લિમો ઉપવાસ રાખે છે, જેના કારણે તેઓ દિવસ દરમિયાન ખાવા-પીવાથી દૂર રહે છે અને સૂર્યાસ્ત પછી ઉપવાસ તોડે છે. મલેશિયાના ઘણા ભાગોમાં, નૈતિક પોલીસ દિવસ દરમિયાન ખાતા કે પીતા પકડાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરે છે. મલેશિયાની ૩૪ મિલિયનની વસ્તીમાંથી લગભગ ૨૦.૬ મિલિયન મુસ્લિમો છે, પરંતુ દેશ બૌદ્ધ, ખ્રિસ્તીઓ અને હિંદુઓ સાથે મોટી ચીની અને ભારતીય લઘુમતીઓનું ઘર પણ છે. મુસ્લિમ લગ્ન, તલાક અને ઉપવાસ સહિત અનેક સામાજિક મુદ્દાઓ પર દેશમાં શરિયા કાયદો લાગુ છે. રમઝાન દરમિયાન, ધાર્મિક પોલીસ તેમના પેટ્રોલિંગમાં વધારો કરે છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને પકડવા માટે પ્રખ્યાત રેસ્ટોરન્ટમાં પેટ્રોલિંગ કરે છે અને જે કોઈ ખાતું કે પીતું જોવા મળે છે તેને સજા કરવામાં આવે છે. આ વર્ષના ધરપકડના આંકડા હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી, પરંતુ ૨૦૨૩ માં, મલાક્કા રાજ્યમાં ધાર્મિક અધિકારીઓએ રમઝાન મહિના દરમિયાન ખાવામાં પકડાયેલા મુસ્લિમોની લગભગ ૧૦૦ ધરપકડો નોંધી હતી.

મેલાકા ઈસ્લામિક ધાર્મિક વિભાગના અધ્યક્ષ, જેઆઈએમએ જણાવ્યું હતું કે આ વર્ષે રાજ્યભરમાં ૧૦ થી વધુ "હોટસ્પોટ" ઓળખવામાં આવ્યા છે. રહેમદ મેરીમેને જાહેરાત કરી હતી કે બાર, રેસ્ટોરાં, મોલ્સ અને પાર્કમાં સતત દેખરેખ અને નિરીક્ષણ કરવામાં આવે છે. મેરીમેને એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ કામગીરી દ્વારા, જેઈઆઈએમના અધિકારીઓ ખોરાક ખાતા મુસ્લિમોની અટકાયત કરશે અને તેમને ખોરાક વેચતા વેપારીઓ સામે પગલાં લેવામાં અચકાશે નહીં.

### સાઉદી અરેબિયાએ જમ્મુ-કાશ્મીર પર સંતુલિત વલણ જાળવી રાખ્યું

# કાશ્મીર મુદ્દે સાઉદી અરેબિયાએ ભારતનું સમર્થન કર્યું

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી દિલ્હી અને રિયાધ વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર સુધારો થયો છે**

નવીદિલ્લી,તા.૯

પાકિસ્તાનના નવા ચૂંટાયેલા વડાપ્રધાન શાહબાઝ શરીફ આ દિવસોમાં તેમના પ્રથમ વિદેશ પ્રવાસ પર સાઉદી અરેબિયામાં છે. જો કે સાઉદી અરેબિયાએ કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો છે. વાતચીતમાં સાઉદીએ સ્પષ્ટ કહ્યું કે કાશ્મીર ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે. આ સાથે સાઉદીએ પીએમ શાહબાઝને ભારત સાથે વાત કરીને ઉકેલ શોધવાની સલાહ આપી છે. એક સંયુક્ત નિવેદનમાં, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સે કાશ્મીર અને અન્ય પેન્ડિંગ મુદ્દાઓને ઉકેલવા માટે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે વાતચીત કરવા પર પાકિસ્તાન પીએમને જણાવ્યું હતું. પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફ અને સાઉદી કિંગ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વચ્ચે મક્કાના અલ-સફા પેલેસમાં સત્તાવાર બેઠકના એક દિવસ પછી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં આ વાત કહેવામાં આવી હતી. નિવેદન અનુસાર તેમની ચર્ચા સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે ભાઈચારાના સંબંધોને મજબૂત કરવા અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાના માર્ગો શોધવા પર કેન્દ્રિત હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેઓએ કાશ્મીર સહિતના પ્રાદેશિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'બંને પક્ષોએ આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે બંને દેશો વચ્ચેના બાકી રહેલા મુદ્દાઓ, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર વિવાદના ઉકેલ માટે પાકિસ્તાન અને ભારત વચ્ચે વાતચીતના મહત્વ પર ભાર મૂક્યો હતો.' દિલ્હીએ હંમેશા એવું જાળવ્યું છે કે કાશ્મીર એક રાષ્ટ્ર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે અને તેમાં કોઈ તૃતીય પક્ષ દ્વારા મધ્યસ્થી કે દખલગીરીનો પ્રશ્ન નથી.

જ્યારે ભારત અને પાકિસ્તાન બંને સાઉદી અરેબિયા સહિતના આરબ દેશો સાથે લાંબા સમયથી મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી દિલ્હી અને રિયાધ વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર સુધારો થયો છે. સાઉદી અરેબિયાએ જમ્મુ-કાશ્મીર પર સંતુલિત વલણ જાળવી રાખ્યું છે. જ્યારે કિંગડમે ઓગસ્ટ ૨૦૧૯ માં ભારત દ્વારા કલમ ૩૭૦ નાબૂદ કરવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી, ત્યારે તેણે આ ક્રિયાઓની સ્પષ્ટ નિંદા કરી ન હતી, તેના બદલે તેને નવી દિલ્હીની આંતરિક બાબત ગણાવી હતી. ૨૦૧૯ માં, પાકિસ્તાને યુ.એસ.ને વિનંતી કરી કે તે ભારતને કાશ્મીર મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલ પર વાતચીત શરૂ કરવા માટે સમજાવે. આ ત્યારે થયું જ્યારે તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ્મીર મુદ્દે બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી. જો કે, વિદેશ પ્રધાન એસ જયશંકરે સ્પષ્ટ કર્યું હતું કે આ મુદ્દા પર કોઈપણ ચર્ચા, જો જરૂરી હોય તો, ફક્ત પાકિસ્તાન સાથે અને માત્ર દ્વિપક્ષીય રીતે જ થશે. ભારતે પાકિસ્તાનને વારંવાર કહ્યું છે કે જમ્મુ અને કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હતું, છે અને રહેશે. દિલ્હીએ કહ્યું છે કે તે આતંકવાદ, દુશ્મનાવટ અને હિંસાથી મુક્ત વાતાવરણમાં પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી સંબંધો ઈચ્છે છે.

### મોદીજીના ભાષણોમાં આરએસએસનું પ્રતિબિંબ'

# મલ્લિકાર્જુન ખડગેએ PM નરેન્દ્ર મોદી પર કર્યા પ્રહાર

**મોદી-શાહના વૈચારિક પૂર્વજોએ ૧૯૪૨માં મૌલાના આઝાદના નેતૃત્વમાં મહાત્મા ગાંધીના ભારત છોડો આંદોલનનો વિરોધ કર્યો હતો**

નવીદીલ્લી,તા.૯

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું હતું કે 'મોદીજીના ભાષણો આરએસએસની ઝાંખી કરે છે.' મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસના મેનિફેસ્ટો પર પીએમ મોદીના નિવેદનો પર વળતો પ્રહાર કર્યો. તેમણે કહ્યું કે પીએમ મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના રાજકીય અને વૈચારિક પૂર્વજોએ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભારતીયો વિરુદ્ધ અંગ્રેજો અને મુસ્લિમ લીગને સમર્થન આપ્યું હતું.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આજે પણ તેઓ મુસ્લિમ લીગને 'કોંગ્રેસ ન્યાય પત્ર' વિરુદ્ધ બોલાવે છે જે સામાન્ય ભારતીયોની આકાંક્ષાઓ, જરૂરિયાતો અને માંગણીઓ અનુસાર માર્ગદર્શન અને આકાર આપે છે. મોદી-શાહના વૈચારિક પૂર્વજોએ ૧૯૪૨માં મૌલાના આઝાદના નેતૃત્વમાં મહાત્મા ગાંધીના ભારત છોડો આંદોલનનો વિરોધ કર્યો હતો. બધા જાણે છે કે કેવી રીતે પ્રસાદ મુખર્જીએ ૧૯૪૦માં મુસ્લિમ લીગ સાથે ગઠબંધન કરીને બંગાળ, સિંધ અને NWFPમાં પોતાની સરકારો બનાવી.લોકસભા ચૂંટણી નજીક આવતા જ કોંગ્રેસ ભાજપ પર આક્ષેપ પર કરવામાં કચાશ નથી રાખતી. ગઈકાલે કોંગ્રેસ નેતા જયરામ રમેશ ટ્વીટ કર્યું હતું કે તેમના સાથીદારોએ ચૂંટણી પંચ સાથે મુલાકાત કરી ૬ ફરિયાદો કરી હતી. જેમાં ૨ ફરિયાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવી હતી. આજે મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર નિશાન સાધતા તેમના ભાષણો આરએસએસથી પ્રભાવિત હોવાનું જણાવ્યું. અગાઉ પણ અનેક વખત કોંગ્રેસ નેતાઓ ભાજપની વિચારધારાને આરએસએસની વિચારધારા સમાન હોવાનો આક્ષેપો કર્યા છે.

### પ્રવાસીઓ સિંહદર્શન કરતા હતા ત્યારે સ્ટંટ

# સાસણ ગીરમાં સિંહ પાછળ બાઈક દોડાવીને ખુલ્લેઆમ કરાઈ રંજાડ

**સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સાસણ ગીર નેશનલ સફારી પાર્કમાં સિંહની રંજાડનો વીડિયો સામે આવ્યો છે**

વડોદરા, તા.૯ , જૂનાગઢના ગીર જંગલમાં સિંહોની પજવણી સામેના કડક કાયદા વચ્ચે પણ ફરીથી સિંહની જાહેરમાં રંજાડ થયાની ઘટના સામે આવી છે. સાસણ ગીર નેશનલ સફારી પાર્કમાં પ્રવાસીઓ સિંહ દર્શન કરી રહ્યા હતા.એ સમયે જ બે યુવકો ફુલસ્પીડમાં બાઈક લઈને આવ્યા હતા અને સિંહો પર બાઈક ચલાવવાની કોશીશ કરી હતી. અચાનક બનેલી ઘટનાથી સિંહોમાં નાસભાગ મચી હતી. આ અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ મામલે વનવિભાગ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સાસણ ગીર નેશનલ સફારી પાર્કમાં સિંહની રંજાડનો વીડિયો સામે આવ્યો છે. પ્રવાસીઓ જીપ્સીમાંથી સિંહ દર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન જ સફારીના રસ્તા પર બે અલગ અલગ ગ્રુપમાં સિંહ ફરતા હતા. આ સમયે જ પૂરપાટ ઝડપે બાઈક આવી ચડતા સિંહમાં નાસભાગ થઈ ગઈ છે. આ સમગ્ર ઘટના સફારીમાં સવાર પ્રવાસીઓના કેમેરામાં કેદ થઈ હતી. જે વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ ઘટનામાં જો સિંહ તોફાને ચડ્યા હોત તો બાઈકસવાર અથવા તો જીપ્સીમાં સવાર પ્રવાસીઓ પર જોખમ ઉભું થઈ શકે તેમ હતું. જો કે સિંહના બે અલગ અલગ ગ્રુપ જંગલમાં ચાલ્યા ગયા હતા. જેના કારણે સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. આ વાયરલ વીડિયો મામલે જૂનાગઢ મુખ્ય વન સંરક્ષક આરાધના શાહુએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ વાયરલ વીડિયો મામલે સાસણ વન વિભાગ દ્વારા મને જાણ કરવામાં આવી હતી. આ મામલે હાલ સાસણ વન વિભાગને તપાસના આદેશ આપવામાં આવ્યા છે.જેની હાલ તપાસ હાથ ધરવામાં આવી છે.

### CBSE બોર્ડ દ્વારા વેબસાઈટ પર નવી પેટર્નનું પ્રશ્નપત્ર મુકાયું

# CBSE બોર્ડની ધોરણ ૧૧ અને ૧૨ની પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર

**હાલમાં CBSEએ આ ફોર્મેટ માત્ર ધોરણ ૧૧ અને ૧૨ માટે જ લાગુ કર્યું છે**

નવીદીલ્લી,તા.૯

CBSE બોર્ડની ધોરણ ૧૧ અને ૧૨ ની પરીક્ષાની પદ્ધતિ(પેટર્ન)માં ફેરફાર કરાયો છે. જેમાં નાના – મોટા પ્રશ્નોનું વેઈટેજ ૪૦%થી ઘટાડીને ૩૦% કરાયું છે. જેમાં કોન્સેપ્ટ આધારિત સવાલોનું વેઈટેજ વધારીને ૫૦% કરાયું છે. CBSE બોર્ડ દ્વારા વેબસાઈટ પર નવી પેટર્નનું પ્રશ્નપત્ર મુકાયું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત બોર્ડ દ્વારા ફેરફાર કરવામાં આવ્યો છે.CBSE બોર્ડ દ્વારા વેબસાઈટ પર નવી પેટર્નનું પ્રશ્નપત્ર મુકાયું છે. જેમાં વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીના બદલે કોન્સેપ્ટને સમજી શકે તે માટે ફેરફાર કરાયો છે. હવેથી પરીક્ષાઓમાં પ્રશ્નોના લાંબા જવાબો લખવા પડશે નહીં. તેનાથી બાળકોમાં જવાબો યાદ રાખવાની વૃત્તિનો અંત આવશે અને શીખવાની વૃત્તિને પ્રોત્સાહન મળશે.હાલમાં CBSEએ આ ફોર્મેટ માત્ર ધોરણ ૧૧ અને ૧૨ માટે જ લાગુ કર્યું છે. ધોરણ ૯ અને ૧૦ની પરીક્ષા પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ફેરફાર નવી શિક્ષણ નીતિ ૨૦૨૦પર આધારિત છે.

# લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કે કવિતાને મોટો ઝટકો

નવી દિલ્હી,તા.૯

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આજે BRS નેતા કે કવિતાની ન્યાયિક કસ્ટડી ૨૩ એપ્રિલ સુધી લંબાવી છે. વાત જાણે એમ છે કે, તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કેસીઆરની પુત્રી કે કવિતાને દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આંચકો લાગ્યો છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન EDએ કવિતાને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાની માંગ કરતા કહ્યું કે, તેમણે પુરાવા સાથે ચેડા કર્યા છે. આ સિવાય કવિતાએ સાક્ષીઓને પ્રભાવિત કરવાનો પણ પ્રયાસ કર્યો છે. BRS નેતા કે કવિતાએ ન્યાયાધીશ સાથે વાત કરવાની અને તેના વિચારો વ્યક્ત કરવાની માંગ કરી પરંતુ કોર્ટે તેને મંજૂરી આપી નહીં. તેમણે જજને પત્ર લખ્યો છે. આમાં કવિતાએ દાવો કર્યો હતો કે, મારે એક્સાઈઝ પોલિસી સાથે કોઈ લેવાદેવા નથી. હું પીડિત છું. ED અને CBI દ્વારા ૨.૫ વર્ષથી મીડિયા ટ્રાયલ દ્વારા તપાસ ચાલી રહી છે.BRS નેતા કે કવિતાએ કોર્ટને કહ્યું કે, મેડમ જસ્ટિસ આજે ED અને CBIના ૯૫ ટકા કેસ વિપક્ષી પાર્ટીના નેતાઓ વિરુદ્ધ છે. જ્યારે આરોપી ભાજપમાં જોડાય છે ત્યારે તપાસ અચાનક અટકી જાય છે. સંસદમાં ભાજપના નેતાઓ ખુલ્લેઆમ વિપક્ષને ધમકી આપે છે અને કહે છે કે ચૂપ રહો નહીં તો હું ED મોકલીશ

### પિક અપ વાહન ૨૦૦ મીટર ઊંડી ખાઈમાં પડતા ડ્રાઈવર સહિત ૮ના મોત

# નૈનિતાલ નજીક મલ્લા ગામમાં ભીષણ માર્ગ અકસ્માત થયો

## વાહનમાં મુસાફરી કરી રહેલા બે નેપાળી મજૂરો ગંભીર રીતે ઘાયલ પણ થયા હતા, જેમને હાયર સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે

નૈનિતાલ,તા.૯,

નૈનિતાલ નજીક બેતાલઘાટ વિસ્તારના મલ્લા ગામમાં ઉંચાકોટ મોટર રોડ પર ગઈકાલે મોડી રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે એક પિક અપ વાહન ૨૦૦ મીટર ઊંડી ખાઈમાં પડી ગયું હતું. આ અકસ્માતમાં ડ્રાઈવર સહિત ૮ લોકોના મોત થયા હતા. વાહનમાં મુસાફરી કરી રહેલા બે નેપાળી મજૂરો ગંભીર રીતે ઘાયલ પણ થયા હતા, જેમને હાયર સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'ગઈકાલે મોડી રાત્રે પીકઅપ વાહન ખાઈમાં પડી જવાની માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કાર્ય શરૂ કર્યું હતું. આ અકસ્માતમાં ડ્રાઈવર સિવાય વાહનમાં નવ નેપાળી મજૂરો હતા.'

તમામ મજૂરો આ વિસ્તારમાં પીવાના પાણીની લાઈન નાંખવાનું કામ પૂરું કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આ અકસ્માતમાં જીવ ગુમાવનારા નેપાળી મજૂરોના નામ અને સરનામું હજુ સુધી જાણી શકાયું નથી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા મજૂરોના ભાનમાં આવ્યા બાદ તેમની પૂછપરછ કરી કેટલીક માહિતી મેળવવામાં આવશે.

### RBI એ આજથી લગાવ્યો પ્રતિબંધ

# રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ મહારાષ્ટ્રની એક બેંકને લઇને મોટો નિર્ણય કર્યો

## દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા પણ એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં જેલનો સામનો કરી રહ્યા છે

નવી દિલ્હી,તા.૯

રિઝર્વ બેંક દેશની તમામ બેંકોની દેખરેખ રાખે છે. જો તમારુ પણ દેશની કો ઓપરેટિવ બેંકમાં ખાતુ છે તો આ સમાચાર તમારા માટે કામના છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ મહારાષ્ટ્રના એક બેંકને લઈને મોટો નિર્ણય લીધો છે. આરબીઆઈએ હવે બેંક પણ ઘણા પ્રકારના અંકુશ લગાવી દીધા છે, જેની સીધી અસર બેંકના ગ્રાહકો પર પડશે. આરબીઆઈએ મહારાષ્ટ્રના શિરપુર મર્ચેંટ્સ કો ઓપરેટિવ બેંક વિરૂદ્ધ મોટંછ પગલું ઉઠાવ્યું છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) એ મહારાષ્ટ્ર સ્થિત શિરપુર મર્ચેંસ કો ઓપરેટિવ બેંકની કથળતી નાણાકીય સ્થિતિને જોતાં ઘણા નિર્ણય લીધા છે. આરબીઆઈએ બેંક પાસેથી પૈસા નિકાળવાથી માંડીને ઘણી સેવાઓ પર અંકુશ લગાવી દીધા છે. આરબીઆઈએ એક નિવેદનમાં કહ્યું કે સોમવારે કારોબાર બંધ થયા બાદ આ સહકારી બેંક કોઈપણ નવી લોન આપી શકશે નહી અને ના તો કોઈ રોકાણ કરી શકશે. આ સાથે બેંકને કેન્દ્રીય બેંકની પરવાનગી વિના તેની મિલકત અથવા સંપત્તિને સ્થાનાંતરિત અથવા નિકાલ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. શિરપુર મર્ચન્ટ્સ કોઓપરેટિવ બેંકની વર્તમાન નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખીને રિઝર્વ બેંકે આ પગલું ભર્યું છે. તેમાં તમામ બચત બેંક અથવા ચાલુ ખાતા અથવા થાપણદારના અન્ય કોઈપણ ખાતામાં કુલ બેલેન્સમાંથી કોઈ રકમ ઉપાડવાની મંજૂરી આપી શકાતી નથી. જો કે, બેંક ગ્રાહકો રિઝર્વ બેંકના આ નિયમો અને શરતો હેઠળ તેમના ખાતામાં જમા રકમમાંથી લોન ચૂકવી શકશે. આરબીઆઈએ કહ્યું કે પાત્ર જમાકર્તાને જમા વિમા અને ક્રેડિટ ગેરેન્ટી નિગમ (DICGC) માંથી પાંચ લાખ રૂપિયા સુધીની જમા વિમા દાવાની રકમ મેળવવાનો હક રહેશે. ૬ મહિના સુધી લાગૂ રહેશે પ્રતિબંધશિરપુર મર્ચેંટ્સ કો-ઓપરેટિવ બેંક પર આઠ એપ્રિલ ૨૦૨૪ ના રોજ કારોબાર બંધ થયાથી લાગૂ પ્રતિબંધ છ મહિના સુધી લાગૂ રહેશે. જોકે રિઝર્વ બેંકે કહ્યું કે આ નિર્દેશોને બેંકના લાયસન્સ રદ કરવાના રૂપમાં સમજવું જોઈએ નહી. તેમણે કહ્યું કે બેંક પોતાની નાણાકીય સ્થિતિમાં સુધારો થાય ત્યાં સુધી આ અંકુશો સાથે બેંકિંગ કારોબાર કરવાનું ચાલુ રાખશે.

### ભૂકંપ પણ બેઅસર, સૌથી ઉંચા બ્રિજની ખાસિયત

# ભારતમાં બન્યો એફિલ ટાવરથી પણ ઉંચો પૂલ

## ભારતીય રેલવે જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે બ્રિજ બનાવી રહી છે, જેનું નામ ચેનાબ બ્રિજ છે

જમ્મુ, તા.૯

રેલવે નવી સરકાર માટે ૧૦૦ દિવસનો એક્શન પ્લાન તૈયાર કરી રહ્યું છે. આમાં ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટના કટરા-બનિહાલ વિભાગનો પણ સમાવેશ થાય છે. ચિનાબ બ્રિજ આ વિભાગનો એક ભાગ છે.ભારતીય રેલવે જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે બ્રિજ બનાવી રહી છે, જેનું નામ ચેનાબ બ્રિજ છે. બ્રિજનું બાંધકામ તેના અંતિમ તબક્કામાં છે. આ બ્રિજ આ વર્ષે ખુલ્લો મુકાશે, ત્યારબાદ વાદળો વચ્ચે લોકો ટ્રેનમાં મુસાફરી કરી શકશે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ ચિનાબ બ્રિજની વિશેષતાઓ વિશે.ચિનાબ નદી પરનો પુલ નદીના પટથી ૩૫૯ મીટરની ઉંચાઈ પર બનાવવામાં આવ્યો છે. આ પુલ પેરિસના એફિલ ટાવરથી ૩૫ મીટર ઊંચો છે. ચિનાબ બ્રિજ એ એન્જિનિયરિંગની અદભૂત સિદ્ધિ છે કારણ કે તે ખૂબ જ ઊંચાઈએ આવેલા બે પર્વતોને જોડે છે. તેના દ્વારા જમ્મુ અને કાશ્મીરને રેલ દ્વારા દેશના બાકીના ભાગો સાથે જોડવામાં આવશે.બ્રિજ બનાવવા માટે ૯૩ ડેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાંથી દરેકનું વજન ૮૫ ટન છે. આ ડેક ધીમે ધીમે પુલના બંને ભાગોમાંથી સ્ટીલની કમાનો પર ફીટ કરવામાં આવે છે. ડેક તે વસ્તુ કહેવાય છે જે પુલની ટોચ પર નાખવામાં આવે છે, જેથી તેના પર પાટા બિછાવી શકાય.રેલવે દ્વારા બનાવવામાં આવેલ ચિનાબ પુલ પર ભૂકંપ પણ બિનઅસરકારક રહેશે, ના તો વિસ્ફોટોથી તેની અસર થશે. ચિનાબ બ્રિજ બ્લાસ્ટ પ્રૂફ છે. એટલું જ નહીં પરંતુ આટલી ઉંચાઈ પર હોવા છતાં તે ૨૬૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનનો સામનો કરી શકે છે.હિમાલયના સૌથી પડકારરૂપ વિસ્તારોમાં બનેલા ચિનાબ બ્રિજ પરથી ટ્રેન ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પસાર થઈ શકે છે. ૧૨૦ વર્ષથી આ પુલનું કંઈ થવાનું નથી. આવી સ્થિતિમાં, લોકો એક સદીથી વધુ સમય સુધી વાદળોની વચ્ચે મુસાફરી કરી શકશે.ચિનાબ બ્રિજ તૈયાર કરવાનું કામ કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. રેલવેએ કહ્યું કે બ્રિજને તૈયાર કરવામાં ૧૪૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પુલના નિર્માણ પહેલા, સ્થળ સુધી પહોંચવા માટે ૨૬ કિમી લાંબા એપ્રોચ રોડ અને ૪૦૦ મીટર લાંબી ટનલ બનાવવામાં આવી હતી.

### લોકસભા ચૂંટણી પહેલા મહારાષ્ટ્રથી એક મોટી અપડેટ સામે આવી

# મહારાષ્ટ્રમાં MVA ગઠબંધનમાં સીટ વહેંચણીની જાહેરાત કરાઇ

મુંબઈ,તા.૯,

લોકસભા ચૂંટણી પહેલા મહારાષ્ટ્રથી એક મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, લોકસભા ચૂંટણી માટે મહારાષ્ટ્રમાં MVA એટલે કે મહા વિકાસ અઘાડી ગઠબંધન વચ્ચે સીટની વહેંચણી પર વાતચીત થઈ છે. મહારાષ્ટ્રમાં MVA ગઠબંધનમાં સીટોની વહેંચણી પર સમજૂતી થઈ છે અને એ પણ જાહેર કરવામાં આવ્યું છે કે કોણ કેટલી સીટો પર ચૂંટણી લડશે. MVAમાં જાહેર કરાયેલ સીટ શેરિંગ ફોર્મ્યુલા મુજબ ઉદ્ધવ ઠાકરેની શિવસેના મહત્તમ ૨૧ બેઠકો પર ચૂંટણી લડશે જ્યારે કોંગ્રેસ ૧૭ બેઠકો પર અને શરદ પવારની NCP ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે.શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર, નાના પટોલે અને બાળાસાહેબ થોરાટે એક પ્રેસ કોન્ફરન્સ કરી અને MVAમાં સીટ વહેંચણીની જાહેરાત કરી. સાંગલી સીટ શિવસેનાના ફાળે ગઈ છે જ્યારે NCP (શરદ જૂથ) ભિવંડી પર ચૂંટણી લડશે. અગાઉ કોંગ્રેસ આ બેઠક પર પોતાનો દાવો રજૂ કરતી હતી પરંતુ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે, કોંગ્રેસ આ બે બેઠકો પર ચૂંટણી નહીં લડે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નાના પટોલેએ કહ્યું કે, અમે આજે ભારે હૈયે બેઠક વહેંચણીની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, ભ્રષ્ટ સરકારને હટાવવાની છે. સાંગલી અને ભીનવાડીમાં અમારા કાર્યકરો ચોક્કસપણે શિવસેના (UBT) અને NCP (SP) માટે કામ કરશે. કોંગ્રેસના મત ચોક્કસપણે શિવસેના અને એનસીપીને ટ્રાન્સફર કરવામાં આવશે. હવે ભિવંડી અને સાંગલીનો વિષય પૂરો થયો.●કોંગ્રેસ (૧૭ બેઠકો): નંદુરબાર, ધુલે, અકોલા, અમરાવતી, નાગપુર, ભંડારા-ગોંદિયા, ગઢચિરોલી, ચંદ્રપુર, નાંદેડ, જાલના, મુંબઈ ઉત્તર મધ્ય, પુણે, લાતુર, સોલાપુર, કોલ્હાપુર, રામેટક, ઉત્તર મુંબઈ.●NCP (૧૦ બેઠકો): બારામતી, શિરુર, સતારા, ભિવંડી, ડિંડોરી, માધા, રાવર, વર્ધા, અહમનગર દક્ષિણ, બીડ.●શિવસેના (ઉદ્ધવ ૨૧ બેઠકો): જલગાંવ, પરભણી, નાશિક, પાલઘર, કલ્યાણ, થાણે, રાયગઢ, માવલ, ધારાશિવ, રત્નાગિરી, બુલઢાણા, હટકદંગલે, સનવાહજિંગર, સાંગલી, હિંગોલી, યવતમાલ, મુંબઈ ઉત્તર પશ્ચિમ, મુંબઈ દક્ષિણ મધ્ય, દક્ષિણ મુંબઈ , મુંબઈ નોર્થ ઈસ્ટ.

### સુરજેવાલા અને ખડગેને નોટિસ

# હેમા માલિની પર વિવાદિત નિવેદનને લઈને ચૂંટણી પંચ એક્શન મોડમાં

## હેમા માલિની પર વિવાદાસ્પદ ટિપ્પણી કરનાર કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલા ની મુસીબતો ઓછી નથી થઈ રહી

અમદાવાદ,તા.૯

મથુરાના સાંસદ અને અભિનેત્રી હેમા માલિની પર વિવાદાસ્પદ ટિપ્પણી કરનાર કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલા ની મુસીબતો ઓછી નથી થઈ રહી. હવે ચૂંટણી પંચે હેમા પર કરેલી ટિપ્પણી બદલ તેમને કારણ બતાવો નોટિસ પણ જારી કરી છે. આ ઉપરાંત ચૂંટણી પંચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પાસેથી જવાબ પણ માંગ્યો છે કે જાહેર પ્રવચન દરમિયાન મહિલાઓના સન્માન અને ગૌરવને જાળવવા અંગે કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલી સલાહને અનુસરવા માટે કોંગ્રેસ દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે.ભારતના ચૂંટણી પંચે રણદીપ સુરજેવાલાને આ મામલે ૧૧ એપ્રિલની સાંજ સુધીમાં જવાબ આપવા કહ્યું છે. તે જ સમયે, પંચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને ૧૨મી સાંજ સુધીનો સમય આપ્યો છે. કમિશને ખડગેને પૂછ્યું છે કે જાહેર ક્રિયાપ્રતિક્રિયા દરમિયાન મહિલાઓના સન્માન અને ગૌરવને જાળવવા અંગે નેતાઓ દ્વારા આપવામાં આવેલી સલાહનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે કયા પગલાં લેવામાં આવ્યા છે.ગત મહિને કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયોમાં સુરજેવાલા મથુરાના સાંસદ હેમા માલિની વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી રહ્યા હતા. ભાજપે તેને અપમાનજનક અને મહિલા વિરોધી ટિપ્પણી ગણાવી હતી અને આ અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. જો કે, સુરજેવાલાએ કહ્યું હતું કે તેમનો વીડિયો ક્રોપ અને શેર કરવામાં આવ્યો હતો અને તેઓ લોકસભાના સભ્ય હેમા માલિનીને માન આપે છે.સુરજેવાલાના નિવેદન પર હેમા માલિનીએ પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે વિપક્ષી નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી મહિલાઓનું સન્માન કરવાનું શીખવું જોઈએ. હેમાએ કહ્યું હતું કે વિપક્ષ માત્ર 'લોકપ્રિય લોકોને' નિશાન બનાવે છે. તેમણે કહ્યું, ''તેઓ માત્ર લોકપ્રિય લોકોને જ ટાર્ગેટ કરે છે કારણ કે અપ્રિય લોકોને ટાર્ગેટ કરવાથી તેમને કોઈ ફાયદો થશે નહીંપ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી મહિલાઓનું સન્માન કરવાનું શીખવું જોઈએ

### કેનેડામાં ગુરુનાનક શીખ મંદિરના પ્રમુખની હત્યા

# બુટાસિંહની નિર્દયતાથી ગોળી મારીને હત્યા કરવામાં આવી

## આરોપીનું ઘટના સ્થળ પર જ મોત થયું હતું. અને પીડિતની ઓળખ બુટા સિંહ તરીકે થઈ છે

કેનેડા,તા.૯

જસ્ટિન ટ્રૂડોના કાર્યકાળ દરમિયાન, કેનેડા બદમાશો અને ગુંડાઓના દેશ તરીકે કુખ્યાત થવાનું શરૂ થયું છે, જ્યાં લોકોને દિવસે દિવસે ગોળી મારી દેવામાં આવે છે. તાજેતરમાં કેનેડામાં ભારતીય મૂળના અગ્રણી બિલ્ડરની હત્યા કરવામાં આવી છે, જ્યાં કેનેડાના એડમોન્ટનમાં ગુરુ નાનક શીખ મંદિરના વડાની નિર્દયતાથી ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. પીડિતાની ઓળખ બુટા સિંહ ગિલ તરીકે થઈ છે, જે કેનેડામાં ભારતીય મૂળના જાણીતા બિલ્ડર છે. એડમોન્ટન પોલીસે આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે આ ઘટના અલ્બર્ટા પ્રાંતમાં એક બાંધકામ સ્થળ પર બની હતી.પોલીસે સોમવારે જારી એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, ''બે લોકોને ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. મૃત્યુ પામેલા લોકોમાં એક ૪૯ વર્ષનો હતો અને બીજો ૫૭ વર્ષનો હતો એકનું ગોળીબારમાં મૃત્યુ થયું અને અન્ય વ્યક્તિ ઘાયલ થયો છે. તે જ સમયે, એક ૫૧ વર્ષીય વ્યક્તિની પણ હત્યા કરવામાં આવી હતી. એક નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે આરોપીનું ઘટના સ્થળ પર જ મોત થયું હતું. અને પીડિતની ઓળખ બુટા સિંહ તરીકે થઈ છે.અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે ઘાયલ વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યારે હાલ પોલીસ કોઈ આરોપીને શોધી રહી નથી, કારણ કે મુખ્ય આરોપીની હત્યા થઈ ગઈ છે. રેડિયો ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર મનિન્દર સિંહ ગિલે જણાવ્યું હતું કે જ્યારે બાંધકામ સ્થળ પર ઓછામાં ઓછા ત્રણ વ્યક્તિઓ હાજર હતા. જો કે તે સ્પષ્ટ નથી કે ત્રણ વચ્ચેની ઉગ્ર દલીલનું કારણ શું હતું, મનિન્દરએ દાવો કર્યો હતો કે અન્ય એક ભારતીય નાગરિક, સરબજીત સિંઘ, એક સિવિલ એન્જિનિયરને પણ આ ઘટનામાં ગોળી વાગી હતી. સરબજીત સિંહ હાલમાં હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝઝૂમી રહ્યો છે. તેણે અખબારને જણાવ્યું કે જે વ્યક્તિએ બંનેને ગોળી મારી હતી તે પણ ભારતીય મૂળનો વ્યક્તિ હતો.

### વિરાટ કોહલી વર્તમાન ઇન્ડિયન પ્રીમિયર લીગમાં સારા ફોર્મમાં છે

# કોહલી સ્ટ્રાઇક રેટ કરતાં ઉપર છે, વર્લ્ડ કપમાં રમવું જોઇએ : લારા

## મહાન ક્રિકેટર બ્રાયન લારાના મતે ટીર૦ વર્લ્ડ કપમાં વિરાટ કોહલી રમશે તેમાં શંકા નથી

નવી દિલ્હી, તા.૯

વિરાટ કોહલી વર્તમાન ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સારા ફોર્મમાં રમી રહ્યો છે. તેની રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ ટુર્નામેન્ટમાં લગભગ તળિયે પહોંચી ગઈ છે પરંતુ અંગત પ્રદર્શનમાં કોહલી અગ્રેસર છે. તેણે તાજેતરમાં જ રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં ૬૭ બોલમાં સદી ફટકારી હતી. જે આઈપીએલના ઈતિહાસની સૌથી ધીમી સદી હતી. અગાઉ મનીષ પાંડેએ પણ ૬૭ બોલમા સદી ફટકારી હતી. જોકે વર્તમાન સિઝનમાં કોઈ પણ ટીમ માટે આ પ્રથમ સદી હતી. એ જ મેચમાં જોઝ બટલરે ૫૮ બોલમાં સદી ફટકારીને રાજસ્થાન રોયલ્સને છ વિકેટે વિજય અપાવ્યો હતો. આમ આ આઈપીએલમાં માત્ર બે સદી નોંધાઈ છે અને બંને સદી એક જ મેચમાં જોવા મળી હતી. બ્રાયન લારાએ જણાવ્યું હતું કે ટીર૦ મેચમાં સ્ટ્રાઈક રેટ બેટ્સમેનની પોઝિશન પર આધાર રાખે છે. એક ઓપનર માટે ૧૩૦થી ૧૪૦નો રેટ બરાબર કહેવાય પરંતુ તમે મિડલ ઓર્ડરમાં રમવા આવતા હો તો આ રેટ ૧૫૦થી ૧૬૦ની આસપાસનો હોવો જોઈએ. જોકે આ વખતે તો આઈપીએલમાં ઈનિંગ્સના અંતિમ તબક્કામાં ૨૦૦+ નો સ્ટ્રાઈક રેટ પણ જોવા મળી રહ્યો છે. પરંતુ કોહલી પાસે હંમેશાં ૧૩૦ની આસપાસના રેટથી રમવાની તક રહેલી હોય છે અને તે છેક સુધી રમે તો ૧૬૦ ઉપર પણ પહોંચી શકે છે પરંતુ વિરાટ કોહલી હવે સ્ટ્રાઈક રેટથી ઉપર પહોંચી ગયો છે. તેની બેટિંગ અને તેની ઉપસ્થિતિથી જ ટીમ મજબૂત બની જતી હોય છે તેમ બ્રાયન લારાએ ઉમેર્યું હતું. લારાએ વધુમાં જણાવ્યું હતું કે મારા મતે આગામી ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમમાં રોહિત શર્મા, વિરાટ કોહલી અને શુભમન ગિલ મોખરાના ત્રણ બેટ્સમેન તરીકે હોવા જોઈએ. તેઓ આ વખતે આઈપીએલમાં ગમે તેવું પ્રદર્શન કરે પણ તેઓ ટીમમાં હોવા જરૂરી છે. રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે કોઈ એક વ્યક્તિ નહીં પરંતુ ટીમ વર્કથી જ ટીમની સમીક્ષા કરી શકાય. વેસ્ટ ઈન્ડિઝના મહાન બેટ્સમેન અને ટેસ્ટ ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં ૪૦૦ રન કરનારા એક માત્ર બેટ્સમેન બ્રાયન લારાએ જણાવ્યું હતું કે ટી૨૦ વર્લ્ડ કપમાં રોહિત શર્માની સાથે વિરાટ કોહલી ઓપનિંગ કરે તે એક લલચમણો વિકલ્પ છે પરંતુ ભારત એક અનુભવી બેટ્સમેનની સાથે એક યુવાન અને પ્રતિભાવંત બેટ્સમેનને ઉતારે તે યોગ્ય વિકલ્પ ગણાશે. મારા મતે રોહિતની સાથે કોહલી જેવા બેટ્સમેન વેસ્ટ ઈન્ડિઝ સામે ઓપનિંગ કરશે તો ભારતની સ્થિતિ વધારે મજબૂત બની જશે પરંતુ મારું માનવું છે કે એક યુવાન બેટ્સમેનને ઈનિંગ્સનો પ્રારંભ કરવાની જવાબદારી સોંપવામાં આવે તો તે બહેતર રહેશે કેમ કે એક અનુભવી બેટ્સમેન મિડલ ઓર્ડરમાં રમવા આવીને પણ ટીમનો રેટ વધારે બહેતર બનાવી શકે છે તેમ લારાએ ઉમેર્યું હતું. આ સાથે લારાનો સંકેત યુવાન યશસ્વી જયસ્વાલ તરફ હતો.

### પાકિસ્તાનમાં સેશન્સ કોર્ટનો દુર્લભ નિર્ણય

# એક વ્યક્તિને ૮૦ કોરડા મારવાની કોર્ટે કરી સજા

## કોર્ટે એ પણ ચુકાદો આપ્યો હતો કે દોષિત ઠેરવ્યા પછી, ફરીદ કાદિર દ્વારા પૂરા પાડવામાં આવેલ પુરાવા કોઈપણ કોર્ટમાં માન્ય રહેશે નહીં

લાહોર, તા.૯

પાડોશી દેશ પાકિસ્તાનમાં, કરાચીની એક અદાલતે એક પુરુષને તેની પત્ની પર વ્યભિચારનો ખોટો આરોપ લગાવવા અને તેના બાળકોને નકારવા બદલ ૮૦ કોરડા મારવાની દુર્લભ સજા ફટકારી છે. પાકિસ્તાનમાં આ પ્રકારની સજા હવે સામાન્ય રીતે આપવામાં આવતી નથી. ડોનના અહેવાલ મુજબ, વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ માલીર શહેનાઝ બોહ્યોએ આરોપી ફરીદ કાદિરને ઓછામાં ઓછા ૮૦ કોરડા મારવાની સજા સંભળાવી છે. આ વિવાદાસ્પદ નિર્ણય કઝફ ઓફેન્સીસ (એન્ફોર્સમેન્ટ ઓફ લિમિટેશન) ઓર્ડિનન્સ, ૧૯૭૯ની કલમ ૭(૧) હેઠળ લેવામાં આવ્યો છે, જેમાં લખવામાં આવ્યું છે કે, જે કોઈ કઝફ માટે જવાબદાર છે તેને ૮૦ કોરડા મારવાની સજા કરવામાં આવશે. ન્યાયાધીશે પોતાના ચુકાદામાં લખ્યું છે કે, ''તે એકદમ સ્પષ્ટ છે કે આરોપી જૂઠો છે અને તેણે ફરિયાદી પર તેની પુત્રીના સંબંધમાં વ્યભિચારનો આરોપ મૂક્યો હતો. તેથી તેને કઝફ ઓર્ડિનન્સ ૧૯૭૯ની કલમ ૭ (૦૧) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેને ૮૦ કોરડા મારવાની સજા આપવામાં આવી છે.'' ન્યાયાધીશના ચુકાદામાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આરોપીને માત્ર કોરડા મારવાની સજા કરવામાં આવી છે, તેથી, તેણે આ શરતને આધીન જામીન પર રહેવું જોઈએ કે તે કોરડાની સજા લાદવા માટે આ અદાલત દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેશે. અને ૧ લાખના જામીન બોન્ડ પણ જમા કરાવવાના રહેશે. કોર્ટે એ પણ ચુકાદો આપ્યો હતો કે દોષિત ઠેરવ્યા પછી, ફરીદ કાદિર દ્વારા પૂરા પાડવામાં આવેલ પુરાવા કોઈપણ કોર્ટમાં માન્ય રહેશે નહીં. કેસની વિગતો મુજબ, ફરીદ કાદિર (દોષિત)ની પૂર્વ પત્નીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેના લગ્ન ફેબ્રુઆરી ૨૦૧૫માં થયા હતા અને તે ઓછામાં ઓછા એક મહિનાથી ફરીદ સાથે રહેતી હતી. ડિસેમ્બર ૨૦૧૫માં ફરીદની પત્નીએ એક બાળકીને જન્મ આપ્યો. ફરીદની ભૂતપૂર્વ પત્નીએ કહ્યું, ''મારો પતિ (ફરીદ) ભરણપોષણ ચૂકવવા આવ્યો ન હતો અથવા તો મને અને અમારી નવજાત પુત્રીને તેના ઘરે પાછો લઈ ગયો. મેં ફેમિલી કોર્ટમાં કેસ કર્યો અને આદેશ મારી તરફેણમાં આવ્યો. કોર્ટે ફરીદને મારી અને પુત્રીના ભરણપોષણની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ મારા પતિએ કોર્ટની કાર્યવાહી દરમિયાન કોર્ટમાં બે અરજીઓ રજૂ કરી હતી, જેમાં બાળક માટે ડીએનએ ટેસ્ટની માંગણી કરવામાં આવી હતી અને તેની પુત્રીને નામંજૂર કરવામાં આવી હતી. આ અરજીઓ બાદમાં ફરીદ દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી. બીજી તરફ આરોપી ફરીદે તેની પૂર્વ પત્ની દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢતા કહ્યું કે તેની પત્નીએ તેની સાથે માત્ર છ કલાક વિતાવ્યા હતા. ફરીદે કહ્યું, ''હું અને મારી પત્ની માત્ર છ કલાક જ સાથે રહ્યા. પછી તે ઘરે ગયો અને ક્યારેય પાછો આવ્યો નહીં. પાકિસ્તાની કાયદા હેઠળ, આ કેસમાં અલગ સજા આપી શકાઈ હોત, પરંતુ દોષિતને ૮૦ કોરડા મારવાની સજા ફટકારવામાં આવી હતી. આ એક એવી સજા છે જે ૭૦ના દશકના ઝિયા ઉલ હકના યુગ પછી જોવામાં આવી નથી. ફરિયાદી સાયરા બાનુએ કહ્યું, ''વકીલ તરીકેની મારી ૧૪ વર્ષની સેવા દરમિયાન, મેં કાફ ઓર્ડિનન્સની કલમ ૭ હેઠળ કોરડા મારવાની કોઈ સજા જોઈ નથી.'' ''આ કોરડા મારવાની સજા દાયકાઓમાં શારીરિક સજાના સ્વરૂપમાં તેના પ્રકારની પ્રથમ ઘટના હોઈ શકે છે.''

### ધોનીને જોઈને વિકેટકીપર બનવા માંગતો હતો

# ગુજરાત સામે પાંચ વિકેટ ઝડપનાર કોણ છે યશ ઠાકુર

## યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરીને ૩૦ રનમાં ૫ વિકેટ ઝડપી હતી, આ આઈપીએલમાં પ્રથમ વખત કોઈ બોલરે પાંચ વિકેટ લીધી હતી

નવી દિલ્હી, તા.૯

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૨૧મી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ એ ગુજરાત ટાઈટન્સ ને ૩૩ રને હરાવી હતી. રવિવારે લખનૌના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં યજમાન ટીમે ૧૬૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સની ટીમ માત્ર ૧૩૦ રન પર જ બનાવી શકી હતી. યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરીને ૩૦ રનમાં ૫ વિકેટ ઝડપી લખનૌ સુપર જાયન્ટ્સની જીતનો હીરો ફાસ્ટ બોલર યશ ઠાકુર રહ્યો હતો. યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરીને ૩૦ રનમાં ૫ વિકેટ ઝડપી હતી. ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪માં પ્રથમ વખત કોઈ બોલરે પાંચ વિકેટ લીધી હતી. યશે પોતાની પહેલી જ ઓવરમાં ગુજરાતના કેપ્ટન શુભમન ગિલને બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ જ્યારે યશને ફરીથી બોલિંગ આપી ત્યારે તેણે ડબલ વિકેટ મેડન ઓવર ફેંકી હતી. જોકે યશને તેની ત્રીજી ઓવરમાં કોઈ સફળતા નહોતી મળી. પરંતુ છેલ્લી ઓવરમાં તેણે બે વિકેટ લઈને ટીમને જીત અપાવી હતી. યશ ઠાકુરે શુભમન ગિલ ઉપરાંત વિજય શંકર, રાશિદ ખાન, રાહુલ તેવટિયા અને નૂર અહેમદની વિકેટ લીધી હતી. યશ ઠાકુરનું આ પ્રદર્શન ઘણું મહત્ત્વનું છે. આ મેચ દરમિયાન લખનૌનો ફાસ્ટ બોલર મયંક યાદવ ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. આવી સ્થિતિમાં વિકેટ લેવાની જવાબદારી યશ પર જ આવી ગઈ હતી. યશે પોતાની ટીમનો વિશ્વાસ બનાવી રાખ્યો અને શાનદાર પ્રદર્શન કર્યું હતું. મયંક અને મોહસીન ખાન જેવા ફાસ્ટ બોલરોની ઈજાને કારણે લખનૌની ટીમ આગામી મેચોમાં પણ યશ ઠાકુર પાસેથી આવા જ શાનદાર પ્રદર્શનની આશા કરી રહી હશે ધોની-ઉમેશને પોતાના આદર્શ માને છે યશ ઠાકુર યશ ઠાકુરનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૯૮ના રોજ કોલકાતામાં થયો હતો. જોકે તે વિદર્ભ માટે ઘરેલું ક્રિકેટ રમે છે. રસપ્રદ વાત એ છે કે યશ તેની ક્રિકેટ કારકિદીની શરૂઆતમાં વિકેટકીપર બનવા માંગતો હતો. વિકેટની પાછળ યશનો રોલ મોડલ ભારતીય દિગ્ગજ મહેન્દ્ર સિંહ ધોની રહ્યો છે. એક વખત વિદર્ભના પૂર્વ કેપ્ટન અને કોચ પ્રવીણ હિંગણીકરે યશ ઠાકુરને નેટ્સમાં બોલિંગ કરતા જોયો અને પછી તેને ફાસ્ટ બોલર બનવાની સલાહ આપી હતી. હિંગણીકર માટે આ યુવા ખેલાડીને ફાસ્ટ બોલિંગમાં કારકિદી બનાવવા માટે રાજી કરવું એક મુશ્કેલ કામ હતું. પરંતુ તે આમ કરવામાં સફળ રહ્યા હતા. ૨૫ વર્ષીય યશ ઠાકુરે વિદર્ભ માટે અત્યાર સુધીમાં ૨૨ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે, જેમાં તેણે ૬૭ વિકેટ ઝડપી છે. બીજી તરફ યશના નામે ૩૭ લિસ્ટ-એ મેચોમાં ૫૪ વિકેટ છે. યશ પાસે ૪૯ ૨૦ મેચ રમવાનો અનુભવ પણ છે, જેમાં તેણે ૭૪ વિકેટ ઝડપી છે. યશ ઠાકુર ભારતીય ફાસ્ટ બોલર ઉમેશ યાદવને પોતાનો આદર્શ માને છે. ઉમેશ પણ ઘરેલું ક્રિકેટમાં વિદર્ભનું પ્રતિનિધિત્વ કરે છે.

### અવમાનના બદલ કાર્યવાહી કરવાની ચેતવણી આપી તો તે રડવા લાગ્યો

# ગુજરાત પોલીસના જવાનને જજનું અપમાન કરવું ભારે પડ્યું

## કોર્ટે ઇન્સ્પેક્ટર અલ્પેશ ગબ્બાના વિરુદ્ધ અવમાનના હેઠળ કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી

સુરત,તા.૯

ગુજરાત પોલીસના એક ઈન્સ્પેક્ટર માટે ન્યાયાધીશ સાથે ગેરવર્તન કરવું મોંઘુ સાબિત થયું. જ્યારે કોર્ટે પોલીસ અધિકારી સામે કોર્ટની અવમાનના બદલ કાર્યવાહી કરવાની ચેતવણી આપી તો તે રડવા લાગ્યો. દુર્વ્યવહારના ત્રણ દિવસ પછી, પોલીસ ઈન્સ્પેક્ટરે કોર્ટમાં રડતા રડતા માફી માગી અને ન્યાયાધીશને તેને માફ કરવા વિનંતી કરી. હકીકતમાં, ૨૦૧૮ના એક કેસમાં, કોર્ટે ઈન્સ્પેક્ટર અલ્પેશ ગબ્બાના વિરુદ્ધ અવમાનના હેઠળ કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. સોમવારે, વરાછા પોલીસ ઈન્સ્પેક્ટર અલ્પેશ ગબાણી કોર્ટમાં શાબ્દિક રીતે રડ્યા હતા જ્યારે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે તેમની સામે ૨૦૧૮ના કેસમાં તિરસ્કારની નોટિસ જારી કરવાની ધમકી આપી હતી. ગયા અઠવાડિયે શુક્રવારે, ગબાણીએ ન્યાયાધીશને કહ્યું હતું કે તેઓ તેમના પર બૂમો પાડી શકતા નથી કારણ કે 'તે પણ એક ગેઝેટેડ ઓફિસર છે'. સુરત જિલ્લા બાર એસોસિએશને પણ ઈન્સ્પેક્ટરના આ વર્તનને વખોડી કાઢ્યું હતું અને તિરસ્કારની નોટિસ મોકલી હતી.

સોમવારે જ્યારે આ મામલો કોર્ટમાં સુનાવણી માટે આવ્યો ત્યારે તેણે દાવો કર્યો કે તેણે જાણી જોઈને આવું વર્તન કર્યું નથી અને તે તેની તરફથી ભૂલ હતી. પોલીસ અધિકારીએ કહ્યું, 'જો કોર્ટ મને સજા કરશે તો મારી કારકિર્દી બરબાદ થઈ જશે.' અદાલતે તિરસ્કારની નોટિસ રદ કરવા બદલ તેમની માફી સ્વીકારી પણ સાથે જ તેમને સખત ઠપકો આપ્યો.ન્યાયાધીશે તેમને સલાહ આપી કે કોઈ પણ કાયદાથી ઉપર નથી અને ભવિષ્યમાં આ પ્રકારનું વર્તન ન કરે. જ્યારે ગબાણીને પૂછવામાં આવ્યું કે તેઓ બે મહિનાથી એક કેસના સંબંધમાં અસલ દસ્તાવેજો કેમ પૂરા પાડતા નથી, ત્યારે તેમણે કોર્ટ સાથે ગેરવર્તન કર્યું હતું. ગુજરાત હાઈકોર્ટે નવ મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરવાનું કહ્યું હોવાથી, કોર્ટ એવા દસ્તાવેજોની માંગ કરી રહી હતી જે ગબાણી પૂરી પાડતા ન હતા.

# અમરેલીનાં તપોવન આશ્રમની પૂ. રમેશભાઈ ઓઝાએ શુભેચ્છા મુલાકાત લીધી










જાણીતા ભાગવતાચાર્ય કથાકાર, સાંદીપની વિદ્યાપીઠના સ્થાપક, વિદ્વાન આચાર્યશ્રી પૂજય શ્રી રમેશભાઈ ઓઝાએ તપોવન આશ્રમમાં પધરામણી કરી હતી અને આશ્રમના તપસ્વીઓને મળ્યા હતા. તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીએ આશ્રમની કાર્યપધ્ધતિથી માહિતગાર કરી પૂજય ભાઈશ્રીને આવકાર્યા હતા. પૂજય ભાઈશ્રીએ તપસ્વીઓ માટેના આ સેવા કાર્યને સારહી અને સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીને ધન્યવાદ પાઠવ્યા હતા. આ તપસ્વીઓને ખૂશ રાખવાની સેવાને ઉત્તમ ગણાવી તમામને આશીર્વચન પાઠવેલ હતા. આ તકે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કાળુભાઈ સંઘાણી, અશ્વિનભાઈ સાવલિયા, જયંતિભાઈ પાનસુરીયા, વજુભાઈ ગોલ, જયંતભાઈ ફિણાવા, હિમાંશુભાઈ ધાનાણી, સુરેશભાઈ શેખવા, તુષારભાઈ જોશી, હરિભાઈ બાંભરોલિયા, ભગીરથભાઈ ત્રિવેદી, બિપિનભાઈ લિંબાણી તથા સારહી યુથ કલબના સભ્યો, અગ્રણીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા અને પૂજય ભાઈશ્રીના આર્શીવાદ મેળવ્યા હતા તેમ સારહિ યુથ કલબની યાદીમાં જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **જેનીબેન ઠુંમરના અપમાનથી રોષ**

ગાળા ગાળી કરતા એક રાજકીય ડ્રામા જેવો માહોલ સર્જાયો હતો ત્યારે વર્તમાન ચૂંટણીમાં આ જુથવાદ ભાજપ ને ડુબાડશે તેવી લોકોમાં ચર્ચાઓ વહેતી થતી જોવા મળી હતી. ચૂંટણી સમયે ઉભા થતા જુથવાદ ને ભાજપ કઈ રીતે ડામે છે તે તો આવનારો સમય જ નક્કી કરશે પરંતુ વડિયામાં ભાજપનો જુથવાદ ચરમસીમા એ પહોંચી જાહેર બજારમાં ચકડોળે ચડતો જોવા મળી રહ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું **રાજકોટમાં રૂપાલા સામે પરેશ ધાનાણી**

આપતા જણાવ્યું હતું કે, આજે પંદર દિવસથી રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર બદલવા માંગ થઈ રહી છે ત્યારે હવે ભાજપના ગુરૂ દ્રોણ અને ભીષ્મ પિતામહને જણાવેલ છે કે, હવે મેન તોડો નહિતર નવીન મહાભારતના મંડાણ થશે અને એક કોંગેસના કાર્યકર્તા તરીકે રણભૂમિમાં ઉતારવા આદેશ થશે તો પોતે પાછી પાની નહીં કરે તેમ અંતમાં જણાવ્યું હતું.

પરેશ ધાનાણીએ પરશોતમભાઈ રૂપાલાનું નામ લીધા વિના જણાવેલ કે સ્વૈચ્છીક રીતે રાજકોટનું રણ મેદાન છોડી દેવું જોઈએ તેમ પણ જણાવ્યું હતું. ત્યારે રાજકોટના કોંગી આગેવાન લલિત કથગરાએ પરેશ ધાનાણી રાજકોટ ચૂંટણી લડવાના છે તેવું સૂચક નિવેદન આપ્યું હતું.

રાજકોટના કોંગી આગેવાન લલિત કથગરાએ એવું પણ જણાવ્યું હતું કે, જો ભાજપ પરશોત્તમ રૂપાલાની ટીકીટ કેન્સલ કરશે તો અમે રાજકોટ બેઠક ઉપરથી ધાનાણીને લડવા મજબૂર નહિ કરીએ તેમ અંતમાં જણાવ્યું હતું.

આજે અમરેલી ખાતે પરેશ ધાનાણીના નિવાસસ્થાને મળેલ બેઠકમાં રાજકોટ શહેર, ગ્રામ્ય, જસદણ, વીંછિયા, ટંકારા, લોધીકા સહિતના અનેક કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. ત્યારે હવે કોંગ્રેસ મોવડી મંડળ રાજકોટના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણી માટે મહોર મારે તે માટે વાત ઉપર ભાર મૂકવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી વિવેક મહેશભાઈ જોષી (ઉ.વ. ૩૦) તે મહેશભાઈ ઉત્તમલાલ જોષી (નિવૃત્ત એસ.ટી. કન્ડકટર)ના પુત્ર, બટુકભાઈના પૌત્ર, જીતેન્દ્રભાઈ અને ભાવેશભાઈના ભત્રીજા તથા હિમાલયભાઈના ભાઈનું દુ:ખદ અવસાન થયેલ છે. તેમનો લૌકિક વ્યવહાર તા. ૧૧ ને ગુરૂવારના રોજ તેમના નિવાસસ્થાન 'શાંતિકુંજ', બ્લોક નં. ૨૫, બ્રાહ્મણસોસાયટી, લાઠી રોડ, અમરેલી ખાતે રાખેલ છે તથા સ્થાનિક બેસણું તા. ૧૧ ગુરૂવાર ના રોજ બપોરે ૪ થી ૬ સુધી બ્રહ્મેર મહાદેવ મંદિર, બ્રાહ્મણ સોસાયટી ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૮ | ૧૨૨૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૦ | ૧૨૫૯ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૯૫ | ૧૬૨૫ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૨૫ |
| ૫ | તલ કાળા | ૩૦૯૫ | ૩૨૩૫ |
| ૬ | બાજરો | ૩૦૩ | ૩૩૦ |
| ૭ | જુવાર | ૩૦૦ | ૯૮૦ |
| ૮ | ઘઉં બંસી | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૫૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૫૦ |
| ૧૧ | ચણા | ૯૬૬ | ૧૧૭૬ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૨૮ | ૧૨૭૮ |
| ૧૩ | તુવેર | ૮૩૦ | ૨૧૮૦ |
| ૧૪ | કપાસ | ૧૦૩૨ | ૧૫૬૭ |
| ૧૫ | એરંડા | ૧૦૬૦ | ૧૧૧૯ |
| ૧૬ | જીરૂ | ૩૯૦૦ | ૪૫૦૦ |
| ૧૭ | રાયડો | ૮૪૨ | ૯૧૮ |
| ૧૮ | રાય | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ૧૯ | ઈસબગુલ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૨૦ | ધાણા | ૧૩૦૦ | ૧૭૮૦ |
| ૨૧ | ધાણી | ૧૩૭૫ | ૨૨૮૦ |
| ૨૨ | અજમા | ૨૧૧૦ | ૨૩૩૦ |
| ૨૩ | મેથી | ૯૫૦ | ૧૦૦૭ |
| ૨૪ | સોયાબીન | ૮૫૦ | ૮૯૪ |
| ૨૫ | મરચા લાંબા | ૬૮૦ | ૩૭૦૦ |
| ૨૬ | સુવાદાણા | ૧૦૪૦ | ૧૧૧૫ |

# અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા કાર અને ટ્રેકટર વાહનો માટેની નવી સિરીઝ માટે ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

અમરેલી તા. ૯

એપ્રિલ, ૨૦૨૪ (મંગળ વાર) અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટર કાર અને ટ્રેકટર વાહનો માટેની નવી સિરીઝ જીજે૧૪બીજી૦૦૦૧ થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૦૧/૦૬/ ૨૦૨૪ સાંજે ૪ વાગ્યાથી તા. ૦૩/૦૬/ ૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા. ૦૩/૦૬/ ૨૦૨૪ થી તા. ૦૫/૦૬/ ૨૦૨૪ સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા. ૦૫/૦૬/૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે.

ઓનલાઈન ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/ parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ– ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવાની રહેશે. ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૮૧ |
| ૨ | તુવેર | ૧૪૨૦ | ૧૮૧૦ |
| ૩ | ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| ૪ | ચણા | ૧૦૮૨ | ૧૧૩૮ |
| ૫ | જીરૂ | ૪૨૧૦ | ૪૬૦૦ |
| ૬ | ધાણા | ૧૪૩૦ | ૧૬૦૦ |
| ૭ | મેથી | ૯૧૦ | ૧૦૧૦ |
| ૮ | રાઈ | ૯૬૦ | ૧૧૪૦ |
| ૯ | એરંડા | ૧૦૧૮ | ૧૦૮૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૧ | ૧૨૫૫ |
| ૨ | શીંગ મોટી | ૮૭૧ | ૧૨૩૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૮૦૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૧૫૦ |
| ૫ | જીરૂ | ૨૪૦૦ | ૪૭૫૦ |
| ૬ | કપાસ | ૧૩૦૧ | ૧૫૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૧ |
| ૯ | બાજરો | ૩૭૦ | ૫૧૪ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૯૦૦ |
| ૧૧ | મકાઈ | ૫૮૪ | – |
| ૧૨ | ચણા | ૧૦૭૦ | ૧૧૭૧ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૮૦ | ૧૩૫૧ |
| ૧૪ | તુવેર | ૧૫૫૦ | ૨૧૬૦ |
| ૧૫ | એરંડી | ૧૦૪૫ | ૧૧૩૫ |
| ૧૬ | મેથી | ૮૧૧ | ૧૩૦૦ |
| ૧૭ | રાય/રાયડો | ૮૦૦ | ૧૧૭૫ |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | ૧૫૧૧ |
| ૧૯ | સોયાબીન | ૮૨૫ | ૮૯૬ |

# આંબરડી ખાતે આરપીએફ અને સ્થાનિક પોલીસની ફૂટ માર્ચ યોજાઈ

આંબરડી, તા. ૯

સમગ્ર દેશમાં આગામી લોકસભા ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતી ને લઈ તમામ સુરક્ષા એજન્સી અને પોલીસ વિભાગ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ સાવરકુંડલા એઅસપી વલયવૈદના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા રૂરલ પોલીસ પીઆઈ પી.એલ. ચૌધરીની રાહબરી હેઠળ આરપીએફ કમાન્ડર જશવિરસિંહ, સબ ઈન્સ્પેકટર એન.એન. ઝા સાથે મિતિયાળ ા ઓ.પી. ના રાજદીપસિંહ ઝાલા, જયપાલસિંહ ગોહિલ, સંજયભાઈ કવાડ, રાજુભાઈ બારૈયા સહિત રૂરલ પોલીસ સ્ટાફ જોડાઈ ગ્રામ્ય વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.




તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

પાના ૧ ઉપરનું ચાલું **બાઈકમાં આગ લાગી**

બીઈ૩૯૩૧ કિંમત રૂપિયા ૮૦,૦૦૦ તથા અન્ય મોટર સાયકલ તા. ૭ ના બપોરે ૩ થી ૪ વાગ્યા દરમ્યાન લુણસાપુર ગામે આવેલ સીન્ટેક્ષ કંપનીના ગેઈટ પાસે પાર્ક કરેલ હતી. તે મોટર સાયકલમાંથી કોઈપણ મોટર સાયકલમાં વધુ ગરમીને કારણે શોર્ટ સર્કીટ થતા આગ લાગતા મોટર સાયકલ બળી જતા આશરે કુલ રૂપિયા ૨,૩૧,૦૦૦નું નુકસાન થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૬ | ૧૫૨૧ |
| ૨ | જુવાર સફેદ | ૭૫૦ | ૮૨૧ |
| ૩ | ચણા | ૧૦૮૭ | ૧૧૧૯ |
| ૪ | એરંડા | ૧૦૭૦ | ૧૧૨૫ |
| ૫ | તુવેર | ૧૪૧૧ | ૧૮૫૧ |
| ૬ | મગફળી | ૧૦૮૧ | ૧૦૮૧ |
| ૭ | ધાણા | ૧૪૩૦ | ૧૫૦૦ |
| ૮ | બાજરો | ૪૧૧ | ૫૦૧ |
| ૯ | મેથી | ૧૧૩૬ | ૧૧૩૬ |
| ૧૦ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૧ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૬૮ |
| ૨ | ચણા | ૯૫૫ | ૧૧૩૦ |
| ૩ | શીંગદાણા | ૧૪૯૦ | ૧૪૯૦ |
| ૪ | ચણા સફેદ | ૧૧૩૭ | ૧૧૩૭ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૭૩ | ૪૮૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૭૧ | ૫૨૫ |
| ૮ | સોયાબીન | ૮૦૦ | ૮૬૦ |
| ૯ | રાય | ૮૫૨ | ૮૫૨ |
| ૧૦ | મેથી | ૮૧૦ | ૧૦૦૦ |
| ૧૧ | તુવેર | ૧૫૪૫ | ૨૦૨૫ |
| ૧૨ | એરંડી | ૯૮૫ | ૯૮૫ |
| ૧૩ | રાયડો | ૫૦૦ | ૫૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૨૪૨૫ | ૨૫૩૦ |
| ૧૫ | લસણ | ૧૯૪૫ | ૧૯૪૫ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં આજે ભાજપા પ્રદેશ પ્રમુખ**

મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય જે.વિ. કાકડિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, લોકસભા સીટના સંયોજક પુનાભાઈ ગજેરા, પૂર્વ ધારાસભ્યઓ, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખો ભાજપ પ્રદેશ મોરચાના હોદેદારો, જીલ્લા ભાજપના હોદેદારો, જીલ્લા મોરચાના હોદેદારો, મંડળના હોદેદાર, મંડળ મોરચાના હોદેદારો, શક્તિ કેન્દ્રના સંયોજકો અને પ્રભારીઓ, જીલ્લામાં આવતા તમામ બુથ પ્રમુખો, જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના સભ્યો, નગરપાલિકાના સભ્યો, સહકારી આગેવાનઓ ઉપસ્થિત રહેશે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૧ |
| ૨ | ઘઉં | ૪૪૦ | ૫૮૨ |
| ૩ | ચણા | ૧૧૧૦ | ૧૧૧૧ |
| ૪ | ચણા સફેદ | ૧૧૫૭ | ૧૫૫૭ |
| ૫ | ધાણા | ૧૨૨૬ | ૧૪૦૧ |
| ૬ | મેથી | ૯૦૦ | ૧૧૫૧ |
| ૭ | એરંડા | ૧૦૭૮ | ૧૧૧૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૮ | ૧૧૧૫ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૩ | તલક કાળા | ૨૮૦૧ | ૨૮૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૩૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૨ |
| ૭ | જુવાર | ૪૮૦ | ૯૦૦ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | મેથી | ૮૯૧ | ૮૯૧ |
| ૧૦ | તુવેર | ૧૯૦૦ | ૧૯૭૦ |
| ૧૧ | ચણા | ૭૦૦ | ૧૧૩૨ |
| ૧૨ | એરંડી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૩ | રાય | ૯૦૦ | ૧૦૩૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૮૬૯ |

# બાબરા પંથકમાં ભાજપમાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવાર સભા યોજાઈ






બાબરા તાલુકામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી બાબરા તાલુકાના બળેલ પીપરીયા, ઘુઘરાળા, ચરખા, કલોરાણા, વાંકીયા, કોટડા ખીજડીયા સહિતના ગામોમાં બે તાલુકા પંચાયતની સીટ શક્તિ કેન્દ્ર વાઈઝ મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી એમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મંત્રી રઘુભાઈ હુંબલ, લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા તેમજ ભાજપના શરદભાઈ પંડયા દ્વારા સભાને સંબોધન કરવામાં આવેલ હતુ. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના હોદેદારો, જિલ્લા પંચાયતના સદસ્યો, સહકારી અગ્રણીઓ, તાલુકા પંચાયતના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના હોદ્દેદારો, મહિલા અગ્રણીઓ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાબરા તાલુકાના અલગ-અલગ વિસ્તારના શક્તિ કેન્દ્રમાં આ મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી આ તકે ભાજપના પ્રદેશ મંત્રી રઘુભાઈ હુંબલ, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ભાજપના શરદભાઈ પંડયા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, મહામંત્રી રાજુભાઈ વિરોજા તેમજ હિતેશભાઈ કલકાણી, જિલ્લા પંચાયતના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, નીતિનભાઈ રાઠોડ, પ્રભાતભાઈ કોઠીવાળ, વિધાનસભાના સંયોજક જીતુભાઈ ડેર, જિલ્લા યુવા ભાજપના જગદીશભાઈ નાકરાણી, જયસુખભાઈ દેત્રોજા (ડોલી), તાલુકા પંચાયત પ્રમુખ પ્રતીનિધિ બાબુભાઈ રામાણી, મહેશભાઈ જાવિયા, ભરતભાઈ બુટાણી, મહેશભાઈ ભાયાણી, ધીરૂભાઈ ગજેરા, અમરશીભાઈ વાઘેલા, માવજીભાઈ ડાભી, તાલુકા પંચાયત સદસ્ય નાગરાજભાઈ વાળા, કરશનભાઈ આહીર, પ્રકાશભાઈ ભદાણીયા, માધવભાઈ કટારીયા, યોગેશભાઈ ગોહિલ, વિધાનસભાના વિસ્તારક વૈભવભાઈ નાયક સહિતના આગેવાનો તમામ ગામના સરપંચઓ ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### શ્રી હનુમાનપરા યુવક મંડળ દ્વારા આયોજન

## અમરેલીનાં હનુમાનપરામાં આજે શ્રી મોજીલા મામા સાહેબનો માંડવો યોજાશે

### વધુ વિગત માટે મનિષભાઈ ધરજીયાનો સંપર્ક કરો

અમરેલી, તા. ૯

અમરેલીમાં આવતીકાલ બુધવારે હનુમાનપરા ખાતે આવેલ પંચમુખી હનુમાનજી મંદિર સામે શ્રી હનુમાનપરા યુવક મંડળ ધ્વારા શ્રી મોજીલામામાસાહેબનોમાંડવાનુંધાર્મિક આયોજન કરવામાં આવેલ છે.

બુધવારે સવારે ૯ કલાકે થાંભલી રોપવામાં આવશે, ૧૦ કલાકે ભુવાશ્રીઓના સામૈયા અને ૧૧ કલાકે



મહાપ્રસાદ યોજાશે અને ગુરૂવારે થાંભલી વધાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં જેમની આંગળીનાં ટેરવે અને આંખના ઈશારે, ડાકની સાથે ભકતો પણ ડોલી ઉઠે છે તેવા સુપ્રસિધ્ધ રાવળદેવ શ્રી નાગજીભાઈ ભંગાળાવાળા રહેશે. આ તકે મામાશ્રીનાં ભુવા તેમજ માતાજીનાં ભુવા પણ ઉપસ્થિત રહેશે. વિશેષ ઉપસ્થિતિ ખાતાપતિ મહંત ઉદયગીરીબાપુ, દવેદાદાની રહેશે. વધુ વિગત માટે મનિષભાઈ ધરજીયા, નવિનભાઈ વણજારા અને દિલીપભાઈ રાણાંવાડીયાનો સંપર્ક કરો.

## રાજીવ કુમારને મળી ‘Z’ કેટેગરીની સુરક્ષા, IB તરફથી ધમકીના મળ્યા હતા ઇનપુટ

### ચૂંટણી અધિકારીઓએ આદેશ આપ્યો છે કે અર્ધલશ્કરી દળોની ૧૦૦ વધારાની ટુકડીઓ ૧૫ એપ્રિલ અથવા તે પહેલા તૈનાત કરવામાં આવે

નવી દિલ્હી,તા.૯

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને Z શ્રેણીની સુરક્ષા આપવામાં આવી છે. IBના ઈનપુટ્સના આધારે ગૃહ મંત્રાલયે તેમને આ સુરક્ષા કવચ આપવાનો નિર્ણય કર્યો છે. કેટલાક સમયથી વિપક્ષી દળોએ પણ ચૂંટણી પંચ પર સરકારના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો છે. વિરોધ પક્ષો સામે કાર્યવાહી થઈ રહી છે, જ્યારે ભાજપના નેતાઓ સામે કોઈ કાર્યવાહી થઈ રહી નથી. દરમિયાન, ચૂંટણી પંચે ગૃહ મંત્રાલય પાસે માગ કરી છે કે સુરક્ષા માટે બંગાળમાં અર્ધલશ્કરી દળોની ૧૦૦ વધારાની કંપનીઓ તૈનાત કરવામાં આવે જેથી કરીને ચૂંટણી કોઈપણ દખલ વિના હાથ ધરવામાં આવે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણી પંચના આદેશ પર ગૃહ મંત્રાલય દ્વારા CRPFની ૫૫ અને BSFની ૪૫ કંપનીઓ તૈનાત કરવામાં આવનાર છે. ચૂંટણી અધિકારીઓએ આદેશ આપ્યો છે કે અર્ધલશ્કરી દળોની ૧૦૦ વધારાની ટુકડીઓ ૧૫ એપ્રિલ અથવા તે પહેલા તૈનાત કરવામાં આવે. આ પહેલા બુધવારે ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની બેઠક બોલાવી હતી. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

પશ્ચિમ બંગાળમાં વધારાના દળો તૈનાત કરવાનો આદેશ પણ મહત્વપૂર્ણ છે કારણ કે ત્યાં ચૂંટણી હિંસાનો લાંબો ઈતિહાસ છે. જણાવી દઈએ કે પશ્ચિમ બંગાળમાં ૭ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થશે અને છેલ્લા તબક્કાનું મતદાન ૧ જૂને થશે. આ સિવાય પરિણામ ૪ જૂને આવશે. તમને જણાવી દઈએ કે પશ્ચિમ બંગાળમાં લોકસભાની કુલ ૪૨ સીટો છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં, TMCએ રાજ્યમાં ૨૨ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપના ૧૮ ઉમેદવારો વિજયી બન્યા હતા. આ વખતે ભાજપનો દાવો છે કે તે પ્રથમ આવશે. એટલું જ નહીં, ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે એવી આગાહી પણ કરી છે કે ભાજપ બંગાળ, ઓડિશા અને તેલંગાણામાં મહત્તમ બેઠકો જીતશે.


હવે કોઈપણ A.C. ની ખરીદી પર મેળવો...
Rs.5000/-* CASHBACK
0% ફાઈનાન્સ




દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેકટ્રોનિક્સ
શોપ નં.૮, સુધરાઈ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo.78020 42200 / 94267 61717



National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of india
રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર - મુંબઈના સહયોગથી
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
તથા
શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત
સુદર્શન નેત્રાલય - અમરેલી
ના સંયુકત ઉપક્રમે
વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ
: તારીખ : ૧૧-૦૪-૨૦૨૪ ગુરૂવાર
: સ્થળ : લાયન્સ હોલ પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડ્સ ઈકો ઈનની સામે, અમરેલી.
: સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦
:: વધુ માહિતી માટે :: નિલેશભાઈ ભીલ મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬ | લા. વિનોદભાઈ આદ્રોજા
:: પ્રોજેકટ ચેરમેન :: લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦૫૨૫૮૧ | લા. સાહસ ઉપાધ્યાય
લા. બિમલભાઈ રામદેવપુત્રા ખજાનચી | લા. કિશોરભાઈ શિરોયા પ્રમુખ | લા. ઋજુલભાઈ ગોંડલીયા સેક્રેટરી
નોંધ : બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે
નોંધ : દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
સુદર્શન નેત્રાલય - અમરેલી
ભગવતી ચોક, માણેકપરા, અમરેલી-૩૬૫૬૦૧, તા.જી. અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૩૧૯૦૧, ૦૨, ૦૩


## ધારી : પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને મોણવેલ મુકામે ‘ચુનાવ પાઠશાલા’ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૯

એપ્રિલ, ૨૦૨૪ (મંગળવાર) સિસ્ટેમેટીકવોટર્સએજ્યુકેશનએન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીઆઈપી) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે. ધારી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને ધારીના મોણવેલ મુકામે ‘ ચુનાવ પાઠશાલા કાર્યક્રમ યોજાયો હતો, તેમાં નાગરિકો જોડાયા હતા. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ અને પીઆઈપી અંતર્ગત મતદાન જાગૃત્તિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



મોણવેલ મુકામે મતદાન જાગૃત્તિ પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ. મોણવેલ ખાતે આયોજિત ‘ચુનાવ પાઠશાલા કાર્યક્રમમાં પુઢષ અને સ્ત્રી મતદારો વધુમાં વધુ મતદાન કરે અને મતદાન કરવાની ફરજ તથા અધિકાર સહિતની વિગતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગ્રામજનોને વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ અન્ય નાગરિકોને પણ મતદાન માટે પ્રેરિત કરવાના શપથ લીધા હતા.

# અમરેલી : શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વેવિશાળ પરિચય કેન્દ્ર અને જુના પાઠય પુસ્તક ફેરબદલી મેળાનો પ્રારંભ






અમરેલી શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લેઉવા પટેલ સમાજના યુવક-યુવતી માટે પરિચય કેન્દ્રનો પ્રારંભ થયો હાલ સમયમાં સમાજમાં દીકરા દીકરીઓના વેવિશાળ અંગે માતા પિતા સતત ચિંતાતુર રહેતા હોય છે તેમની ચિંતા ઓછી થાય તે માટે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા ટ્રસ્ટની ઓફિસે બાયોડેટાના નમુના ફોર્મ મેળવી ભરીને જમા કરાવાનું રહશે ત્યારબાદ આગળની કાર્યવાહી થશે તેમજ બીજુ કાર્ય નો પ્રારંભ જુના પાઠય પુસ્તક/સંદર્ભ પુસ્તક ફેરબદલી મેળો નવનીત અપેક્ષિત ડીક્ષનરી શબ્દકોશ નિબંધમાળા જેવા ઉપયોગી પુસ્તકો પસ્તીમા ન આપી સમાજની ઓફિસે જમા કરાવશો આપ નાના બાળકોના આગળના ધોરણના અભ્યાસ માટે આપને ઉપયોગી પુસ્તક સમાજની ઓફિસથી મેળવી લેશો જેથી ખોટા ખર્ચ થી બચી શકાય અને દરેક બાળક ને પુસ્તક મળી રહે અને આપના હાથે વિદ્યાદાન જેવું પવિત્ર કાર્ય થશે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા સમૂહ લગ્ન આયોજન કરેછે અને સાથે લેઉવા પટેલ સમાજનુ સમાધાન પંચ દર રવીવારે સમાજની ઓફિસમાં પણ ઘણા વર્ષો થી કાર્ય કરે છે આ કાર્યકમ મા ટ્રસ્ટ એમડી ડી. કે. રૈયાણી, પ્રમુખ દિનેશ ભુવા, કાળુભાઈ ભંડેરી મનુભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગીયા, કાંતિભાઈ વઘાસીયા ટ્રસ્ટના કમીટી હોદેદારો. સલાહકાર કમીટી. ટીચર ટીમ. વેવિશાળ પરિચય કમીટી તેમજ સમાજ સભ્યો વગેરે બહોળી સંખ્યા હાજર રહયા હતા.

## મંડળીનાં સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની આગવી સુઝબુઝથી

# બગસરા નાગરિક શરાફી મંડળીનો ૨૦૨૩–૨૪નો નફો રૂપિયા ૪.૨૧ કરોડ

### ધિરાણ રૂપિયા ૧૧૭ કરોડ અને થાપણ રૂપિયા ૮૯ કરોડ

### સભાસદની સંખ્યા ૨૦૪૪૩ અને મંડળીનું ટર્નઓવર રૂપિયા ૫૮૮ કરોડ

### મંડળીનાં તમામ સભાસદોને ૧૫ ટકા ડીવીડન્ડ આપવામાં આવશે

### સભાસદોનાં વિશ્વાસનાં લીધે મંડળીની જબરદસ્ત પ્રગતિ થઈ રહી છે

બગસરા, તા.૯

શ્રીબગસરાનાગરિકશરાફી સહકારી મંડળી લી.ની વર્ષ ૨૦૨૩–૨૪નો વાર્ષિક નફો રૂ. ૪,૨૧,૨૧,૧૨૧ થવા પામેલ છે.

મંડળીનાં સ્થાપક ચેરમેન અને સહકારી આગેવાન અને જનસંઘથી લઈ અમરેલી જિલ્લા ભાજપમાં ૬ ટર્મ સુધી ઉપપ્રમુખ અને ૩૩ વર્ષ સુધી બગસરા નગરપાલિકામાં સેવા આપનાર રશ્વિનભાઈ ડોડીઆની છેલ્લા ૪૦ વર્ષથી આગવી સુઝબુઝથી મંડળીનું કુલ ધિરાણ રૂ. ૧૧૭ કરોડ, થાપણ રૂ. ૮૯ કરોડ, રિઝર્વ અને અન્ય ફંડ રૂ. ૧૯.૮૮ કરોડ, ટર્નઓવર રૂ. ૫૮૮ કરોડ,





સભાસદ સંખ્યા ૨૦૪૪૩, નેટ એનપીએ ૦% સ્થાપનાથી ઓડીટ વર્ગ "અ" ધરાવતી મંડળીનાં ડીરેકટર, એડવાઈઝરી બોર્ડ મેમ્બર તથા તમામ કર્મચારી અને સભાસદોના વિશ્વાસ થકી મંડળી પ્રગતિ તરફ આગળ વધી રહી છે. તેમ મંડળીના જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા તથા જનરલ એમ.ડી. નિતેષ ડોડીઆની યાદીમાં જણાવે છે.

### ખાંભા : સિંહોનાં રહેણાંક રેવન્યુ અને જંગલ નજીક ઉનાળામાં દવ લાગવાની ઘટના બની

## દલડી ગામના રેવન્યુ અને જંગલ વિસ્તારમાં આગ લાગતા વનવિભાગે આગ પર કાબૂ મેળવ્યો

### જંગલમાં આગ કેવી રીતે લાગી તેને લઈ વન વિભાગ દ્વારા તપાસ શરૂ



ખાંભા, તા. ૯

ખાંભા રેવન્યુ અને જંગલ વિસ્તારમાં ગયા વર્ષે દવ લાગવાની ઘટનાઓ બહોળી સંખ્યામાં બની હતી. ત્યારે ફરી ઉનાળામાં જંગલ અને રેવન્યુ વિસ્તારમાં આગ લાગવાનો બનાવ જોવા મળ્યા હતા. ખાંભા–તુલસીશ્યામ રેન્જના દલડી ગામના રેવન્યુના ડુંગરો માંથી જંગલના વિડીના ડુંગરો સુધી સોમવારે બપોર બાદ અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને જંગલમાં આગ લાગવાની વન વિભાગને જાણ થતા જેને પગલે ખાંભા–તુલસીશ્યામ રેન્જમાં આર.એફ.ઓ. રાજલ પાઠકની સૂચનાથી ખાંભા વન વિભાગનો સ્થાનિક સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બાદ જંગલમાં અને ડુંગરોમાં વિકરાળ સ્વરૂપ લીધેલી આગ પર કાબુ મેળવવા વન વિભાગનો સ્ટાફ કામે લાગી ગયો હતો અને ત્યારે જંગલમાં વસતા સિંહ સહિત વન્યપ્રાણીઓના જીવ ઉપર ખતરો મંડરાયો હતો. જો કે વનવિભાગ અને સ્થાનિક સ્ટાફની ભારે જેહમત બાદ બે થી ત્રણ કલાક સુધીમાં આગ વધુ પ્રસરે તે પહેલાં જ આ આગ પર કાબુ મેળવી લીધો હતો અને બહોળી સંખ્યામાં રેવન્યુ વિસ્તાર બળીને ખાખ થયું અને જગલ વીડીમાં પણ થોડા વિસ્તારમાં આગ પ્રસરી હોવાનું વન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્યારે જંગલ વિસ્તારમાં આગ કેવી રીતે લાગી અને કોના દ્વારા લગાડવામાં આવી તેને લઈને ખાંભા મામલતદાર તેમજ વન વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

### રાજકોટ એસ.ટી. ડીવીઝન તરફથી

## ભૈવાહ : રાજકોટ–મહુવા–ભગુડા રૂટ પર નવી બસનો પ્રારંભ થયો

### સાવરકુંડલા બસ સ્ટેન્ડમાં સ્વાગત કરાયું

રાજકોટ, તા. ૯

રાજકોટ વિભાગ તરફથી નિગમની આવેલ નવી બસને રાજકોટ–મહુવા–ભગુડા રૂટમાં ફાળવવામાં આવી હતી જેની ખુશીમાં દરરોજ બસમાં આવતા મુસાફરોએ સાવરકુંડલા ડેપોએ બસનું સ્વાગત કર્યુ અને મીઠાઈ ખવડાવી હર્ષ અને આનંદની લાગણી સાથે નિગમે નવી બસ આપી તેનો આભાર વ્યક્ત કર્યો હતો.



રાજકોટ ડેપોની રાજકોટ ભગુડા અને ભગુડા રાજકોટ રૂટની નવી બસનું શુભ મુહૂર્ત અપડાઉન કરતા પેસેન્જરો દ્વારા સાવરકુંડલા ખાતે આજ રોજ ચૈત્ર નવરાત્રીના દિવસે કરેલ સાથે સાથે કંડકટર અને ડ્રાઈવરનું પુષ્પગુચ્છ આપી સન્માન કરેલ પેસેન્જરની સુવિધા વધારવા બદલ ગૃહમંત્રી હર્ષ સંઘવી, ડી.સી. સાહેબ અને ડેપો મેનેજરનો ખુબ ખુબ આભાર.

### મતદારોની ખામોશી તોફાન પહેલાની શાંતિ નથી ને

## આતે કેવુ : અમરેલી જિલ્લાનાં મતદારોમાં ચૂંટણીને લઈને ઉદાસીનતા

### મતદારો નવા જુની કરવાનાં મિજાજમાં

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લો ભલે ઔદ્યોગિકક્ષેત્ર પછાત ગણાતો હોય પરંતુ રાજકીયક્ષેત્રે હંમેશા અગ્રેસર રહયો છે. અને પાલિકાથી લઈને પાર્લામેન્ટની ચુંટણીમાં હજારો કાર્યકરો પોતાના પક્ષનો ખેસ પહેરીને જોવા મળતા હોય છે. પરંતુ, અમરેલી જિલ્લાનાં મતદારો ઉપરાંત રાજકીય પક્ષોના કાર્યકરોમાં પાર્લામેન્ટ ચુંટણીને લઈને કોઈ ઉત્સાહ જોવા મળતો ન હોય જિલ્લામાં તોફાન પહેલાની શાંતિ તો નથી ને તેવુ સૌ વિચારતા થયા છે.

જિલ્લાના મતદારોનો મિજાજ જોતાં મતદારો ગમે તે એક પક્ષ તરફી મતદાન કરીને પરિણામ ચાંકાવનારૂ તો નહી આપે ને તેવુ સૌ ચર્ચા કરી રહયું છે.

### ડો. અશોક પરમાર, ડો. દિક્ષિત ચૌધરી સહિતની ટીમ દ્વારા

## અમરેલીનાં બિમ્સ આસ્થા હોસ્પિટલમાં મહિલા દર્દીનાં પગનું સફળ ઓપરેશન કરાયું

### આયુષ્યમાન કાર્ડ અંતર્ગત સફળ સારવાર થતાં દર્દીનાં પરિવારજનો દ્વારા તબીબી ટીમનું સન્માન કરાયું



અમરેલી, તા. ૯

અમરેલી ખાતે આવેલ બિમ્સ આસ્થા હોસિપટલની તબીબી ટીમે એક મહિલા દર્દીનાં પગની સારવાર સફળ રીતે થતાં પરિવારજનોએ તબીબી ટીમનો આભાર માની સન્માન કર્યુ.

વિગત એવા પ્રકારની છે કે, બિમ્સ આસ્થા હોસ્પિટલમાં સાવરકુંડલાનાં આંબરડી ગામનાં મહિલા દર્દી મુકતાબેન મંછારામ હરિયાણી (ઉ.વ. ૫૫)ને પગનાં હાડકામાં મુશ્કેલી થતાં તેણીએ અગાઉ અન્ય જગ્યાએ સારવાર કરેલ જે નિષ્ફળ રહેલ.

બાદમાં મહિલા દર્દી બિમ્સ આસ્થા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થતાં ડો. અશોક પરમારનાં નેતૃત્વમાં ડો. દિક્ષિત ચૌધરી અને તેમની ટીમે સફળ રીતે ઓપરેશન કરતાં મહિલા દર્દીનાં પગનાં હાડકાની તકલીફ દૂર થતાં મહિલા દર્દીનાં પરિવારજનોએ આયુષ્યમાન કાર્ડ અંતર્ગત મફતમાં સારવાર કરનાર તબીબી ટીમનો આભાર માનેલ હતો.

### ચૌત્રા, કોળી કંથારીયા, બર્બટાણા, વાવેરા સહિતનાં ગામોનો સમાવેશ

## રાજુલાનાં ગ્રામ્ય વિસ્તારમાં આજે કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર દ્વારા પ્રચાર કાર્ય

### સવારથી મોડી સાંજ સુધી મતદારોને સંપર્ક કરશે

અમરેલી, તા. ૯

અમરેલી લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર આવતીકાલ બુધવારે રાજુલાનાં ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ કરીને મતદારોનો સંપર્ક કરશે.



સવારે ૯ કલાકે ચૌત્રા, કોળી કંથારીયા ૧૦ કલાકે, ખાલસા કંથારીયા ૧૦:૩૦ કલાકે, કોટડી:૧૧ કલાકે, આગરીયા ધુડીયા–૧૧:૪૫ કલાકે, ધારેશ્વર–બપોરે ૨ કલાકે, વડલી–૨:૪૫ કલાકે, ડુંગર–૩:૩૦ કલાકે, માંડણ–૪:૧૫ કલાકે, બાબરીયાધાર–૫ કલાકે, બર્બટાણા–૫:૪૫ કલાકે, વાવેરા–૬:૩૦ કલાકે પ્રચાર કાર્ય કરશે.

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..........................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

LG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
LG ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

Netra Chikitsa Ayurved College & Hospital
Managed by Netra Chikitsa Trust Amreli
નેત્ર ચીકીત્સા આયુર્વેદ હોસ્પિટલ દ્વારા આયોજિત
ગર્ભાધાન અને ગર્ભસંસ્કાર યજ્ઞ
11 ગુરુવાર એપ્રિલ 2024
સવારે 07 કલાકે શરૂ...
આ યજ્ઞ માં કોણ બેસી શકે...
• જેમને બાળકો જોઇએ છે.
• જે ગર્ભવતી છે.
-:: યજ્ઞના ફાયદાઓ ::-
1. જેમને બાળકો જોઇએ છે તેમને ઉત્તમ બીજ બને છે અને ઉત્તમ સંતાન બનવા માટે મદદ મળી શકે.
2. સગર્ભાવસ્થા દરમિયાન માનસિક તણાવ દૂર કરે છે.
3. બાળકના મગજનો સારી રીતે વિકાસ થાય છે.
4. માતા અને બાળકમાં હેપ્પી હોર્મોનનું પ્રમાણ વધે છે.
5. માતા અને બાળકમાં અધ્યાત્મિક શક્તિનો વધારો થાય છે.
-:: આયોજક ::-
REGISTER NOW!
પ્રસૂતિ તંત્ર અને સ્ત્રીરોગ વિભાગ (ઓપીડી નં.3)
8425883253 / 9023541178 / 8799206187

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)